

# અધ્યાત્મ

વર્ષ : ૧૬

એપ્રિલ–૧૯૯૫

અંક : ૭

Summit

## * સિદ્ધિ *

શ્રાવણની વહેલી સવારે તેણે મારા આશ્રમના આંગણામાં પ્રવેશ કર્યો, ને પ્રણામ કરીને તે મારી પાસે ઊભી રહી.

તેની આંખમાં આતુરતા હતી. કાયામાંથી સુવાસ ફેલાતી હતી. રોમેરોમે રસ ભરીને પ્રેમથી પરિપ્લાવિત કરવા જાણે તે આવી હતી. કુમારી વેશમાં તે ઓછી આકર્ષક ન હતી.

તેણે કહ્યું, 'હું તમને વરવા આવી છું. મારું નામ સિદ્ધિ છે. મારી મદદથી પુરુષ પુરુષોત્તમ બની શકે છે. તમારી આજ્ઞા હોય તો હું તમારા કંઠમાં મારી માળા અર્પણ કરી શકું.'

મેં કહ્યું, 'મારી ના નથી. નમ્રતા, દયા ને સેવા-ભાવના જે મારામાં હાજર છે, તેને હરકત ના કરવાનું વચન આપે, ને મારી નિઃસ્વાર્થતા કાયમ રાખે, તો મારી ના નથી.'

ને તેણે સસ્મિત સંમતિ આપીને મારા કંઠમાં પોતાની માળા પહેરાવી દીધી.

અદૃશ્ય થતાં પહેલાં તે કહેતી ગઈ, 'સ્વાર્થ ને અહંકારની દાસી બનું છું, ત્યારે જ હું શાપરૂપ થાઉં છું. નમ્રતા ને નિઃસ્વાર્થતાને માટે તો સદાય આશીર્વાદરૂપ છું. તમારા નિર્ણયથી હું પ્રસન્ન છું. તમારી સાથે સ્નેહ કરી સંસારને સુવાસિત કરવા હું સદાય તૈયાર રહીશ.'

યોગેશ્વરજી


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૫–૦૦

વિદેશમાં રૂા. ૨૦૦–૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).**
- **તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.**
- **સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.**
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧.


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| પ. પૂ. માના સાન્નિધ્યમાં બે દિવસની ધ્યાન સાધના શિબિર | તંત્રી, અધ્યાત્મ | ૧૧ |
| સુરત શિબિરમાં પૂ. માનું પ્રવચન | કલ્યાણ | ૧૮ |
| આધ્યાત્મિક બળનો ઉત્કૃષ્ટ ચમત્કાર | પુ. કે. બુચ | ૨૫ |
| ત્રણ દુર્લભ વસ્તુઓ | મહાત્મા શ્રી યોગેશ્વરજી | ૨૭ |
| સાધકને | મંછારામ વિ. રામાનુજ | ૩૨ |
| મનને | ડો. રણજિત પટેલ (અનામી) | ૩૩ |
| મુંબઇ ખાતે પુણ્યતિથિની ઉજવણી | — | ૩૪ |
| શ્રદ્ધાંજલિ | — | ૩૫ |
| નમન | એક સંત | ૩૭ |
| ટોરન્ટોમાં પૂ. શ્રીના લીલાસંવરણદિનની ઉજવણી | સુરેશભાઇ શાહ–કેનેડા | ૩૮ |
| સમયનો સદુપયોગ | કમલ સુથાર | ૪૦ |
| હિમાલયના પત્રો | સુરેશભાઇ શાહ–કેનેડા | ૪૩ |
| શ્રી મોહનલાલ બેરિસ્ટરની જીવનકથા | જ્યોત્સના ભરકુમાર દ્વિવેદી | ૪૮ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૩ |


## * આભાર *


અધ્યાત્મ માસિકના એપ્રિલ, ૧૯૯૫ ના અંકની પ્રસિદ્ધિનો બધો ખર્ચ, પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની પ્રેરણાથી, પનામાના સત્સંગ મંડળ તરફથી આપવામાં આવી રહ્યો છે. આ સત્કાર્યમાં પનામાના શ્રી વસંતભાઇ પી. ભક્તનો ફાળો ઉલ્લેખનીય છે, એમ જાણવા મળ્યું છે. સત્સંગ મંડળનાં જે કોઇ ભાઇ-બહેનોએ અધ્યાત્મને સહાય કરી છે, તે સહુ ખરે જ અભિનંદનને પાત્ર છે. મા–પ્રભુ તેઓનું સર્વ પ્રકારે મંગલ કરે એજ પ્રાર્થના. કેનેડા ને અમેરિકાના સત્સંગપ્રેમી ભાઇબહેનો તરફથી સહાય મળેલી એટલે તો રોજ રોજ વધતા જતા ભાવો વચ્ચે પણ અધ્યાત્મ છેલ્લાં ૧૪ વર્ષોથી આટલા સામાન્ય લવાજમના દરે વાંચકોને આપી શક્યા છીએ. આથી સહાય કરનાર સહુના અમે આભારી છીએ.

— તંત્રી

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૬ એપ્રિલ–૧૯૯૫ અંક : ૭


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૨૦–૪–૮૧, સોમવાર, ચૈત્ર વદ પડવો, ૨૦૩૭,**

**સ્થળ : ૫૫, અરુણોદય સોસાયટી, અલકાપુરી વડોદરા**

સવારે નિત્યનિયમ મુજબ પૂ. શ્રીની દિનચર્યા શરૂ થાય છે. લેખનકાર્ય કરવા બેઠા છે. સર્વેશ્વરી બહાર હીંચકા પર બેસી જપ કરે છે. થોડીવાર પછી સર્વેશ્વરી ઓરડામાં થઇ બહાર જાય છે, પણ બહાર જવા જ્યાં બારણું ખોલવાની ક્રિયા થાય છે ત્યાં જ અલૌકિક દિવ્ય પ્રકાશપૂંજનાં દર્શન થાય છે. સર્વેશ્વરીની આજુ-બાજુ તે દર્શન થાય છે. એ પ્રકાશપૂંજને સર્વેશ્વરી મનોમન પ્રાર્થે છે, "તમારા પ્રકાશસ્વરૂપ પાછળ તમે સાકારરૂપે રહ્યા છો તેનું દર્શન કરાવો." તે પ્રકાશપૂંજનું દર્શન અદૃશ્ય થાય છે, ત્યાંસુધી સર્વેશ્વરી ઊભાં રહે છે. ત્યારપછી જ પાંચ મિનિટ માટે બહાર



જઇ ફરી જપ કરવા હીંચકા પર આવી જાય છે. ખૂબ આનંદ થાય છે.

પૂ. શ્રીને સાડા દસ વાગ્યે આ વાત કરવામાં આવી.

**પૂ. શ્રી :** "તમે અનુભવ અનુભવ રોજ માંગો છો ને, તો આ અનુભવ થયો ને? પ્રકાશ એ પ્રભુનું જ રૂપ છે."

**સર્વેશ્વરી :** "હા, પણ પ્રભુનું સાકાર દિવ્યરૂપ એની પાછળ છે તે કેમ નથી દેખાતું?"

**પૂ. શ્રી :** "પ્રકાશ જ એનું મૂળ રૂપ છે. પ્રકાશની આગળ અથવા પાછળ આકૃતિ રહી હોય છે, પણ તમને તો મૂળ પ્રકાશનું રૂપ જ દેખાયું ને પછી શું?"

**સર્વેશ્વરી :** "એવું દર્શન થાય ત્યારે હું તો એમ જ માંગુ છું કે મને સાકાર રૂપ બતાવો. ખરેખર મારે કોઇ પ્રાર્થના કરવી જોઇએ?"

**પૂ. શ્રી :** "તમને જ્યારે એવાં દર્શન થાય ત્યારે મનોમન પ્રભુના એ પ્રકાશરૂપને પ્રણામ કરવા. ઋષિમુનિઓને એવા પ્રકાશનાં દર્શન થતાં."

**સર્વેશ્વરી :** "દક્ષિણેશ્વરમાં રામકૃષ્ણદેવના ઓરડામાં એ પવિત્ર પ્રકાશપૂંજનાં દર્શન થયાં હતાં તે છેક આજે થયાં. હવે એનાં દરરોજ દર્શન કરવાં હોય તો શું કરવું?"

**પૂ. શ્રી :** "રોજ રોજ લાડુ સારા લાગે? દર્શન તો કોઇકવાર થાય તો પણ ઘણું છે. પ્રાર્થના કર્યા કરવી."

આવી વાતો બાદ પૂ. શ્રી થોડો આરામ કરે છે. સાડા અગિયારે શ્રી જીતુભાઇ આવે છે. સવારની મુલાકાત બંધ છે,

જેથી ભોજન બાદ પણ શ્રી જીતુભાઇ જ બેઠા છે, થોડી સામાન્ય વાતો થાય છે. થોડા પત્રોના જવાબો પૂ. શ્રી લખાવે છે ત્યારબાદ પેપર જોઇ આરામ કરે છે.

આરામ બાદ પાંચ વાગ્યે પૂ. શ્રી ફરી તૈયાર થઇ જાય છે. લેખનકાર્ય ફરી સવા કલાક કરે છે. રામાયણનું કાવ્ય ભાષાંતર પૂ. શ્રી કરી રહ્યા છે. સર્વેશ્વરી નોંધલેખન કરે છે.

સમય થતાં પૂ. શ્રી મુલાકાતીઓ માટે બહારના મોટા રૂમમાં આવીને બેસે છે. મોટા રૂમમાં એક પલંગ હોય છે, જેના પર પૂ. શ્રી બેસે છે. પાસે સર્વેશ્વરી નીચે આસન પર બેસે છે. દર્શનાર્થીઓ આવી આવીને પ્રણામ કરી બેસે છે.

આ ઘરની દીકરી કલ્પુ ભજન ગાય છે. સૌ ઝીલે છે. ત્યારબાદ સર્વેશ્વરી પાસે પૂ. શ્રી રોજનીશીનું એક પાનું વંચાવે છે. ત્યારબાદ પ્રશ્નોત્તરી શરૂ થાય છે.

**શ્રી વિજયભાઇ :** મહાત્માજી, સૂફીવાદ એટલે શું?

**પૂ. શ્રી :** સૂફી શબ્દ ગુજરાતી **નથી**, ફારસી છે. એ શબ્દ પ્રેમનો વાચક છે. જે માર્ગમાં પ્રભુને જ પ્રેમ કરવાનું જણાવાયું. પ્રભુને પોતાની પ્રિયતમા માનીને ભજવામાં આવે છે, તે સૂફીવાદ છે તે ઇરાનમાં વધુ પ્રચલિત હતો. કલાપી, કાન્ત, મણિલાલ, નભુભાઇના કાવ્યોમાં એ થોડો જણાય છે. તેમના કાવ્યોમાં આ માટે સનમ, સાઇ શબ્દોનો પ્રયોગ થયો છે.

**શ્રી કુંદનબેન :** તો પછી સૂફીવાદને પ્રેમલક્ષણાભક્તિ કહી શકાય?

**પૂ. શ્રી :** જેમાં પ્રેમ જ મહત્ત્વનું લક્ષણ છે તે પ્રેમલક્ષણા ભક્તિ કહેવાય. ભેદ એટલો જ કે સૂફીવાદમાં ઈશ્વરને રાધા કે



પ્રિયતમા માને, જ્યારે મીરાં, રૈદાસ જેવા દાસભાવ કે પતિભાવે ભક્તિ કરી. અહીં મધુરભાવ ઉલટાવીને ચલાવે છે.

**એક અજાણ્યા ભાઇ :** મેલીવિદ્યા જેવી કોઇ વિદ્યા ખરી?

**પૂ. શ્રી :** હા.

**તે ભાઇ :** તો પછી તેને દૂર કરવા શું કરવું?

**પૂ. શ્રી :** મેલીવિદ્યા, મેલીવિદ્યાથી પણ દૂર થાય અથવા ઈશ્વરની પ્રાર્થનાથી પણ થાય.

એવામાં એ ભાઇનાં પત્ની જરા અસ્થિર હાલતનાં હતાં તેમણે કહ્યું કે મારા છોકરાની પત્ની પિયર જતી રહી છે. જેથી પેલા ભાઇ પૂ. શ્રીને કહે છે : મારા છોકરાની સ્ત્રી જતી રહી છે જેથી એમને અસ્થિરતા મળી છે. તો એ મેલીવિદ્યાનો ભોગ બની છે એવું અમને લાગે છે.

પૂ. શ્રીએ માર્ગદર્શન આપતાં કહ્યું કે છોકરાની સ્ત્રી પિયર જતી રહી તેમાં મેલીવિદ્યા નહીં, પણ માનસિક આઘાતને લીધે મન પર તેની આસર છે. તે ભાઇએ કહ્યું, "અમે લાવવાના પ્રયત્નો કરીએ છીએ પણ તે માનતી નથી."

**પૂ. શ્રી :** છોકરો તમારો છે. પણ મારે કહેવું પડે છે કે છોકરાએ જ વ્યવહાર તેની સાથે સારો નથી કર્યો.

**પેલા ભાઇ :** પણ છોકરો જ્યારે નમી પડયો ત્યારે પણ છોકરીએ જ વળ રાખ્યો છે એટલે શું થાય?

**પૂ. શ્રી :** આ તો સંસાર છે. બળતામાં ઘી હોમવા તો બધા તૈયાર હોય તો સંકોરવાનું કામ કોઇક જ કરે. ભડકો થયો છે તો તે બધાને જ બાળે છે. તેના કરતાં તમે મોટેરાં વડીલો છો તો નમતું મૂકીને પણ સંકેલી લો જેથી સૌને શાંતિ થાય.

આ આખાયે પ્રસંગમાં પૂ. શ્રી પેલા અજાણ્યા ભાઇ કે તેમના પુત્રના દુઃખ વિશે અજાણ હતા. બધા શ્રોતાઓની સાથે તે પણ આવીને બેઠા ને પ્રશ્નોત્તરી થઇ. તેમાં પોતે પિતા તરીકે પોતાના પુત્રના અયોગ્ય વ્યવહારની વાત પૂ. શ્રીને ન કરી, પણ પૂ. શ્રી તો પોતે ભૂતકાળ ને ભવિષ્યનું દર્શન ખૂબ સ્પષ્ટ રીતે ધારે તેના જીવનનું કહી શકે છે. એટલે પૂ. શ્રીએ તે ભાઇને જે વાત તે છૂપાવવા માંગતા હતા તે જ કરી. તે ભાઇ સહિત સૌ શ્રોતાઓને આશ્ચર્ય થયું. પૂ. શ્રીએ જે સત્યદર્શન કર્યું તેમાં પેલા ભાઇએ વિરોધ ન કર્યો, પણ કબૂલ કરી એ વાતને એથી પણ સૌને આશ્ચર્ય થયું.

પાછળથી જે નજીકના સત્સંગીઓ હતા તેમની શ્રદ્ધા પૂ. શ્રી તરફ આ પ્રસંગથી વિશેષ પ્રમાણમાં વધી હોય એમ વાતો પરથી લાગ્યું.

આવા તો કેટલાય પ્રસંગો સર્વેશ્વરી જોયા કરે છે. જેથી સર્વેશ્વરીને એમાં સહજ દર્શન થયું. આનંદ થયો કે પોતે કોઇ એક સમર્થ દિવ્ય કોટિના સંતની છત્રછાયામાં બેઠાં છે. હજી પ્રશ્નોત્તરી ચાલુ જ છે.

**શ્રી વિજયભાઇ :** ભગવાને મેલીવિદ્યા કેમ બનાવી?

**પૂ. શ્રી :** અરે ભાઇ, જે ભગવાને ગુલાબ ઉગાડ્યા, તે જ ભગવાને ધતૂરા ને આકડાનાં ફૂલો પણ કર્યાં. જેણે સારા માનવો બનાવ્યા, તેણે વળી કાનખજૂરા પણ બનાવ્યા. આ તો અપના બજાર છે. એમાં બધા જ માલ છે. અપના બજાર એ તો ભગવાનનો જ છે પણ આપણે એ અપના બજારમાંથી કયો માલ જોઇએ તે વિચારવું.



દુનિયામાં જેમ સારા માણસોની જરૂર તેમ ચૌદસીયાની પણ જરૂર છે. હા, સાચી વાત. ચૌદસીયા પણ જરૂરી છે. ગઇકાલે ગિરધરભાઇની વાત તમે ન સાંભળી?

[ગિરધરભાઇ ને પૂ. શ્રી રમણમહર્ષિના આશ્રમમાં જવાં મુસાફરી કરતા હતાં, તો ગાડીમાં ચઢયા. જગ્યા ઘણી હતી, પણ મુસાફરો જગ્યા આપતા ન હતા. ગિરધરભાઇએ સમજાવ્યા કે મને જગ્યા ન આપો તો વાંધો નહીં, પણ મહાત્માજીને તો આપો. પણ કોઇએ જગ્યા ન આપી. તો છેવટે ગિરધરભાઇએ ગજવા-માંથી ચપ્પુ કાઢીને બતાવ્યું. તો તરત જ જગ્યા મળી ગઇ. સૌ ઊભા થઇ ગયા ને જગ્યા જે ખોટી રીતે પચાવી પાડી હતી તે આપી દીધી. એ વાત પૂ. શ્રી કરે છે.]

એટલે ચપ્પુ બતાવવું પણ કોઇકવાર જરૂરી છે ને! જો જો તમે ચપ્પુ ન બતાવતા. (વિજયભાઇનું શરીર પાતળું હતું) ચપ્પુ પણ જે બતાવી શકે તે જ બતાવે. એવું શરીર પણ જોઇએ ને?

હવે શું કરશો? સમય થઇ ગયો છે. કુંદનબેન ધૂન બોલાવશે. એટલે કુંદનબેન ધૂન બોલાવે છે.

હે જ્ઞાનેશ્વર, હે ધ્યાનેશ્વર,
હે યોગેશ્વર, સંયોગેશ્વર.
પ્રણામ શત શત હો તમને... (૨)
યોગેશ્વરાય નમઃ, યોગેશ્વરાય નમઃ,
જય જય સર્વેશ્વરી મા, જય જય સર્વેશ્વરી.
હે સર્વેશ્વરી, હે કરુણેશ્વરી,
હે મહાકાલી તું જગદંબા.
સચરાચરમહીં તું જ બિરાજે,
ચરણે તારા સદા પ્રણામ.

ધૂન બાદ સૌ પ્રણામ કરી, પ્રસાદ લઇ વિદાય થાય છે. પૂ. શ્રી સ્નાન કરી ખીચડી, શાક, દૂધ, પાણીપુરીનું ભોજન કરે છે. ત્યારબાદ સર્વેશ્વરી નીચે જીનુભાઇના પિતાજી માંદા છે તેથી તેમની પાસે જાય છે. ભજન તેમને સંભળાવે છે, પ્રસાદ આપે છે. ત્યારબાદ સર્વેશ્વરી ઉપર આવી જાય છે. પૂ. શ્રી વરંડામાં પલંગ પર ધ્યાનમાં બેઠા છે. સર્વેશ્વરી હીંચકા પર જપ કરવા બેસે છે. ત્યારબાદ બંને આરામ કરે છે.

આજકાલ સર્વેશ્વરી હીંચકા પર ને પૂ. શ્રી બહાર જ મૂકેલા પલંગ પર સૂઇ જાય છે. હરિઃ ૐ

(ક્રમશઃ)

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭
ફોન : ૬૬૮૨૩૧



પ. પૂ. માના સાન્નિધ્યમાં

# બે દિવસની ધ્યાન સાધના શિબિર

તંત્રી, અધ્યાત્મ

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની ઉપસ્થિતિમાં સુરતના સુમુલ ડેરી રોડ ઉપર આવેલ શાન્તિ–મંગલ હોલમાં તા. ૧૮–૧૯ માર્ચ ૧૯૯૫ ના બે દિવસો માટે શ્રી યોગેશ્વર ધ્યાન સાધના શિબિર યોજાયો. આ બે દિવસનો શિબિર ખરે જ ખૂબ સફળ અને સરસ રહ્યો. બરોબર અગિયાર વર્ષો પછી સુરતમાં આવી શિબિર થઇ. ૧૯૮૩ ના મે મહિનામાં પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના સાન્નિધ્યમાં યોજાયેલી સુરતની એ શિબિર છેલ્લી બની રહેલી. તેમનું સ્થળ હતું સુરતની એમ. ટી. બી. કોલેજ.

આ વખતની શિબિરના આયોજનનું પ્રયોજન હતું. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની આત્મકથા–પ્રકાશના પંથેની સંક્ષિપ્ત આવૃત્તિના ઉદ્‌ઘાટનનું તેમ જ પ. પૂ. યોગેશ્વરજીએ પ્રારંભેલ ધ્યાન સાધનાની પદ્ધતિઓનો પરિચય ફરી એકવાર સાધક ભાઇ-બહેનોને પૂ. માની હાજરીમાં કરાવવાનો. આ બંને હેતુ સરસ રીતે સફળ થયા. શરૂમાં પ્રો. ટી. જી ભટ્ટ પૂ. શ્રીએ દર્શાવેલ પદ્ધતિ પ્રમાણે ધ્યાન કરાવ્યું.

શિબિરનો મંગલ પ્રારંભ સંગીતમાં રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા એવાં શ્રીમતી શ્રી સુશીલાબેન ભક્ત અને શ્રી પૂર્ણિમાબેન પટેલની પ્રાર્થના, ભજન અને ધૂનના પવિત્ર ગાન અને શબ્દ ધ્વનિથી કરાયો. ખીચોખીચ ભરાયેલ આ હોલનું સમગ્ર વાતાવરણ આ મધુર કંઠોની મીઠાશથી છવાઇ ગયું, સાત્ત્વિક બની રહ્યું.

તે પછી શિબિરનું ઉદ્‌ઘાટન ૧૯૮૩ ના શિબિરના પ્રયોજકોમાંના એક એવા પ્રો. ટી. જી. ભટ્ટના હાથે દીપ પ્રકટાવીને કરવામાં આવ્યું, તો પ્રકાશના પંથે—આત્મકથાના મૂળ પ્રકાશક સુરતના સાહિત્ય સંગમના માલિક શ્રી નાનુભાઈ નાયકના મંગલ હાથે—સાધકોના હર્ષોલ્લાસ વચ્ચે કરવામાં આવ્યું.

આ પુસ્તકના વિમોચન માટે શ્રી નાનુભાઈ નાયકની પસંગી શા માટે પૂ. માએ કરી, તેનું કારણ જણાવતાં શ્રી નારાયણભાઈ જાનીએ જણાવ્યું કે આજથી લગભગ અઢાર વર્ષ પહેલાં પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીની આસરે ૧૨૦૦ પાનાંની આત્મકથાને પ્રકાશિત કરવાનું સાહસ શ્રી નાનુભાઈ નાયકે કરેલું, પૂ. શ્રી જેવા સાહિત્ય કે આધ્યાત્મિક ક્ષેત્રે તે વખતે થોડા અપરિચિત લેખકના આવા મોટા ગ્રંથનું પ્રકાશન કરવાની હિમ્મત શ્રી નાનુભાઈએ દર્શાવી તે દાદ માગી લે તેવી બાબત હતી. પ. પૂ. શ્રી યોગેશ્વરજીના શ્રી નાનુભાઈ નાયક સાથેના પ્રથમ પરિચયનું નિમિત્ત પ્રભુએ અમને બનાવેલ, તેનો અમને આનંદ છે. આ સંક્ષિપ્ત આવૃત્તિનું લેખન કાર્ય શ્રી પરમાર્થીએ (ઈશ્વરભાઈ પ્રભુભાઈ ભક્ત) ખૂબ દક્ષતા અને ઉત્સાહથી ઘણા ટૂંકા સમયમાં પૂ. માની પ્રેરણાથી કર્યું. તેનું વાંચન અમે હરિદ્વારમાં માર્ચ—એપ્રિલ ૧૯૯૪ માં કરી રહેલ. ત્યારે તેના પ્રકાશન માટેની મૂંઝવણનો ઉકેલ પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીએ સ્ફુરાવેલ કે "રાજકોટવાળા શ્રી પ્રવીણ પ્રકાશન સંસ્થાના સંચાલકને મળો." તે પ્રભુની સ્ફુરણા માત્ર એક વર્ષના ગાળામાં આજે સાકાર બની તેનો સંપૂર્ણ યશ પ્રવીણ પ્રકાશનના માલિક શ્રી ગોપાળભાઈ પટેલની નિષ્ઠા, દક્ષતા અને ઉદારતાને ફાળે જાય છે. મેપલીથો પેપર ઉપર સરસ છાપકામ તેઓએ જે ત્વરાથી કર્યું અને રાહતના દરે સાધકોને તે પુસ્તક



ઉપલબ્ધ કરાવ્યું તે બદલ તેમનો આભાર જેટલો માનીએ તેટલો ઓછો છે.

શ્રી નાનુભાઈ નાયક એ માત્ર પ્રકાશક નથી, પરંતુ તેઓ પોતે સાહિત્યના સુજ્ઞ લેખક અને રસજ્ઞ, સફળ પત્રકાર તેમ જ સમાજને સર્વોત્તમ વિચારોનું પ્રદાન કરનાર એક સંસ્કારી વ્યક્તિ પણ છે. એટલે જ તેઓ પ. પૂ. યોગેશ્વરજીની પ્રથમ મુલાકાતે જ તેમના પ્રત્યે આકર્ષાયેલા. એ એઓની ગુણગ્રાહિતા દર્શાવે છે.

પોતાના ઉદ્‌ઘાટન પ્રવચનમાં શ્રી નાનુભાઈ નાયકે જણાવ્યું કે વર્ષો પહેલાં શ્રી નારાયણભાઈ જાની સુરતમાં માહિતી ખાતાના અધિકારી હતા ત્યારે અમોને પૂ. યોગેશ્વરજીનો પરિચય કરાવેલો અમારો એ સ્વભાવ નહિ કે પ્રથમ મુલાકાતે કોઈ વ્યક્તિથી પ્રભાવિત થઈ જઈએ કે અંજાઈ જઈએ. પરંતુ પ. પૂ. યોગેશ્વરજી એમાં અપવાદરૂપ બન્યા. તેઓશ્રીની સરલતા, સાદાઈ ને નિખાલસતાએ જ અમને પ્રથમ મુલાકાતે જ આકર્ષી લીધા. વળી અમે એ પણ જોયું કે મોટાભાગની આધ્યાત્મિક વ્યક્તિઓમાં પણ વિચાર અને આચાર વચ્ચે જે મોટી ખાઈ હોય છે, તેવું કશું જ પૂ. યોગેશ્વરજીમાં ન હતું. તેઓના વિચાર અને આચાર એક સરખા હતા. તેઓનું જીવન જેવું હતું તેવું જ તેઓના લખાણોમાં પ્રતિબિંબિત થતું હતું.

આધ્યાત્મિક સાધનાના ક્ષેત્રે પણ તેઓએ એક સામાન્ય પરિવારમાં જન્મીને જે ભવ્ય, ભગીરથ પુરુષાર્થ કર્યો, તે ખરે જ પ્રશંસનીય છે. ઉપવાસોની પરંપરાદ્વારા તેઓએ તન અને મનની શુદ્ધિ પ્રાપ્ત કરી હતી. એથી જ એમનું વ્યક્તિત્વ પ્રછન્ન રીતે—પૂર્વજન્મના સંસ્કાર, કુટુમ્બના સંસ્કાર અને સાધનાની સમજ-

પૂર્વકની પરિપાટીથી ઘડાતું રહ્યું. પરિણામે તેઓ જીવનનું અંતિમ ધ્યેય હાંસલ કરી શક્યા. તેથી જ તેઓશ્રીનાં ઘણાં બધાં પુસ્તકોનું પ્રકાશન કરવામાં અમને રસ પડયો.

તેઓનું લખાણ ખરે જ ઉત્તમ સાહિત્યના નમૂનારૂપ જણાયું. વિમોચન કરાયેલ આ સંક્ષિપ્ત આત્મકથાની પ્રથમ નકલ શ્રી બાબુભાઇ વોરાના હસ્તે શ્રી નાનુભાઇ નાયકને ભેટ આપવામાં આવી.

આ સમારંભમાં પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીએ વાવ ખાતે રોજ સવારે જે ટૂંકા વાર્તાલાપો આપેલ, તેની દસ કેસેટોના સેટના વેચાણનો પ્રારંભ યુ. કે. થી પધારેલ શ્રીમતી મંગળાબેન પબારીના હાથે કરવામાં આવ્યો. એ જ રીતે 'ૐ યોગેશ્વર રક્ષ મામ્' છાપેલ મંત્રવાળી પૂજા કરતાં ઓઢવાની ચાદરો પણ વેચાણ માટે પ્રથમવાર જ મૂકવામાં આવી. આ ચાદરોનું છાપકામ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની દોરવણી મુજબ, શ્રી રાજુભાઇ જાનીએ જેતપુર ખાતે કરાવેલું.

મૃત્યુ અંગે સાચી સમજ આપતું પ. પૂ. યોગેશ્વરજીનું ટેપ પ્રવચન સંભળાવ્યા પછી શ્રીમતી સુશીલાબેન ભક્તે—પ. પૂ. શ્રી યોગેશ્વરજીના જીવનના પ્રસંગો વર્ણવી, તેઓશ્રીને ગીતાના ગાનાર ભગવાન કૃષ્ણ સાથે સરખાવ્યા હતા. આ ઉપરાંત, તેઓની સાદાઇ, દેશપ્રેમ, પંડિતાઇ છતાં નમ્રતા, વગેરે ગુણો દર્શાવતા પ્રસંગો કહ્યા હતા. વળી તેઓ આજીવન અયાચક વ્રતધારી, મહાભારતના સહદેવસમા મૌનધારી, તેમ જ ક્રાન્તદર્શી યુગપુરુષ હતા, તેનાં ઉદાહરણો પણ આપ્યાં હતાં.

પૂ. મા શ્રી સર્વેશ્વરીએ પોતાના વક્તવ્યનો પ્રારંભ પ. પૂ.



મહાત્મા શ્રી યોગેશ્વરજીની ધૂનના ગાનથી કર્યો હતો. તેનો વિગતવાર અહેવાલ શ્રી કલ્યાણની ભાવસભર કલમે આલેખાયેલ. આ અંકમાં અલગ મૂક્યો છે.

શ્રી જ્યોત્સ્નાબેન ત્રિવેદીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું પૂ. મા તો ઉપનિષદોનું સાકાર સ્વરૂપ છે. ઈશાવાસ્ય, કેન અને પ્રેમોપનિષદોની ભાવનાઓ પૂ. માના જીવનમાં પ્રત્યક્ષ થતી દેખાય છે. ભાગવતનો દસમસ્કંધ એ સમગ્ર ગ્રંથના સારરૂપ છે, તો ભગવાન કૃષ્ણના જીવનનો સાર પવિત્ર પ્રેમ છે, જેનું દર્શન તેઓના ગોપીઓ સાથેના વ્યવહારમાં છતું થાય છે, તો પૂ. મા પણ પ્રેમસ્વરૂપા છે. તેઓનો સમગ્ર વ્યવહારનો પાયો પ્રેમ અને ક્ષમાના સિદ્ધાંતો રચાયેલો છે.

અંતમાં પૂ. મા સુરતની ભૂમિનું પ્રદાન હોઇ, તેને વંદન કર્યા હતા.

શ્રી ગોરધનભાઇ કલોલાએ કહ્યું હતું કે પૂ. મા સત્સંગના કાર્યક્રમો એટલા માટે પ્રયોજતાં રહે છે કે આપણ સહુને પ્રભુપ્રાપ્તિના આપણા ધ્યેયની યાદ તાજી થતી રહે. હરદ્વારના સત્સંગના સતત ત્રણ માસના કાર્યક્રમો આનું ઉદાહરણ છે. એ સાચું છે કે પૂ. માને કદીક ઉપરામતા થઇ આવે છે, પરંતુ પૂ. માને આપણે ખૂબ પ્રેમ આપીને તેઓની ઉપરામતા દૂર કરી શકીએ, અને તેઓને ખાત્રી કરાવીએ કે હે મા, અમે જાગી ગયા છીએ અને જાગતા જ રહીશું.

તેઓએ પૂ. માના ભગવતી સ્વરૂપને વ્યક્ત કરતાં કેટલાંક ઉદાહરણો આપ્યાં હતાં.

શ્રી હિમાંશુ પાઠકે જીવનમાં યોગની આવશ્યકતા ઉપર ભાર

મૂક્યો હતો, તો ડો. જયેશ પટેલે દવાઓ જીવનમાં જરૂરી નથી, તે વાત વિગતે સમજાવી. બીજા દિવસે, ધ્યાનની બેઠકનું સંચાલન શ્રી ચીમનભાઇ ગાંધીએ સારી રીતે કર્યું.

અન્ય વક્તાઓમાં શ્રી નારાયણભાઇ જાની, શ્રી બાબુભાઇ વોરા, શ્રી અતિસુખલાલભાઇ શેઠ, શ્રી દવે બાપુ, શ્રી જાગણીભાઇ, શ્રી દીનાબેન ઘડિયાળી, શ્રી વિજયસિંહ રાણા વગેરેનો સમાવેશ થતો હતો. સહુએ પૂ. શ્રી યોગેશ્વરજીને શ્રદ્ધાંજલિ અર્પી.

શ્રી બંસીભાઇના શાસ્ત્રીય સુરીલાં ભજનોએ સાધકોને મંત્રમુગ્ધ કર્યા હતા, તો અન્તમાં શ્રી સુશીલાબેનના રાષ્ટ્રીય ભાવનાની ભરપૂર સમૂહગાનને શ્રોતાએ એકચિત્તે માણ્યું હતું.

આ બે દિવસના સમગ્ર કાર્યક્રમોનું સંચાલન શ્રી રાજુભાઇ જાનીએ ખૂબ દક્ષતાપૂર્વક કરી પ્રશંસા મેળવી. શ્રી વિનુભાઇ અમીન અને બીજા ભાઇઓએ પુસ્તકો, કેસેટ, ચાદર ને સ્વરૂપના વેચાણની વ્યવસ્થા સંભાળી.

શિબિરનું આયજન સહેલું નથી. તેમાં અનેકોનો સાથ સહકાર જોઇએ. બહારગામથી આવનાર સર્વ સાધકોને ઉતારા તેમ જ મિષ્ટાન્ન ભોજનની સુવિધા—વગર ચાર્જે આપવામાં ઘણો બધો ખર્ચ થાય. સુરતના સહુ સાધક ભાઇબહેનોએ સાથે મળી તે ખર્ચ ઉપાડયો ને સુરતની ખ્યાતિ પ્રમાણે સુંદર સ્વાદિષ્ટ ભોજનો જમાડી સાધક ભાઇબહેનોને પરિતૃપ્ત કર્યાં. સહુના અંતરના અભિનંદન પ્રાપ્ત કર્યાં.

શ્રી અજયભાઇ કલોલાએ બે દિવસની શિબિરનું વિડિયો શુટીંગ કરી, તેને કચકડામાં મઢી લીધી.



નીચેના ભાઇઓનો આ શિબિરને સફળ બનાવવામાં ગણનાપાત્ર ફાળો રહ્યો. શ્રી રમેશભાઇ પટેલ, શ્રી છોટુભાઇ પટેલ, શ્રી મધુભાઇ ભટ્ટ, શ્રી છગનભાઇ સોરઠિયા અને તેમના પુત્રો, શ્રી ચીમનભાઇ, શ્રી ઘનશ્યામ, શ્રી કંચનભાઇ, શ્રી રાજેન્દ્રભાઇ, શ્રી પ્રવીણભાઇ, શ્રી ઉત્તમભાઇ દૂધવાલા, શ્રી મણિભાઇ લાડ, શ્રી રત્નેશભાઇ, શ્રી કનુભાઇ, શ્રી ભદ્રેશભાઇ, શ્રી મુકુન્દભાઇ, શ્રી કિશોરભાઇ, શ્રી અશોકભાઇ શ્રીમતી હેમલતાબેન, શ્રી પ્રભાબેન પટેલ અને શ્રીસુરેખાબેન ભાવસાર તેમ જ બીજા અનેકો.

સહુને અભિનંદન.


બાહ્યત્યાગ તે ત્યાગ નહિ, આંતર ત્યાગજ ત્યાગ;
છોડી મનથી સર્વને, લે સુખસ્વરૂપ અગાધ

IS : 10001

ઓ. : ૨૩૫૯૮
૩૪૦૧૬
ફે. : ૮૨૪૩૭
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
—: બનાવનાર :—

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ—૩૬૦૦૦૨

# સુરત શિબિરમાં પૂ. માનું પ્રવચન

કલ્યાણ

'ૐ નમો યોગેશ્વરાય' એ મહામંત્રનું મધુરકંઠે મધુમયગાન કરી પરમપુરુષ શ્રી યોગેશ્વરજીને પ્રણામાંજલિ અર્પણ કરતાં પૂ. માએ કહ્યું "મહાપુરુષના શ્રી ચરણોમાં પ્રણામ કરીને અમારા વક્તવ્યની શરૂઆત કરીએ છીએ. મહાપુરુષનું આગમન પણ જીવને જગાડનારું હોય છે અને ગમન પણ જીવને જગાડનારું હોય છે. પૂ. યોગેશ્વરજીને અમે નજીકથી જાણ્યા, માણ્યા અને અમારા જીવનમાં ઉતાર્યા. તેમના પરમ આદર્શોને મૂર્તિમંત કરવા અમે પ્રયાસો કરી રહ્યાં છીએ.

અમારી અનુભૂતિ તો સાક્ષી પૂરે છે કે તેઓ પ્રકટ પરમપુરુષ આજે પણ છે. તેમને કોઇ સ્થળકાળનાં બંધન નથી. પથ્થરની મૂર્તિમાં પરમાત્મા જોવાની આપણને ટેવ પડી જવાથી ઘણી વખત પ્રકટપુરુષના પરમસાન્નિધ્યના દિવ્યલાભથી વંચિત રહી જઇએ છીએ.

અમે પૂ. યોગેશ્વરજીમાં જે જોયું તે ક્યાંય જોઇ શકતાં નથી. એટલે તેમને વાગોળીએ છીએ. આજે અમારામાં જે કંઇ છે તે એ મહાપુરુષની કૃપાને લીધે છે. અમે તો અમારું જીવન એ પરમપુરુષને સર્વસમર્પણભાવે સમર્પી દીધું છે તો તેઓ આજે અમારી પાછળ પાછળ પાગલ થઇને પગલાં પાડી રહ્યા છે. અમારા જીવનને હરપળે સંભાળી રહ્યા છે.

એ મહાપુરુષે અમારા માટે શું નથી કર્યું? અમારા પ્રભુપંથને પ્રેરણાના દીપકોથી અજવાળી રહ્યા છે. એટલે તો અમે ગાયું–



અમાસની અંધારી વાટે, દીવડો કોણે કીધો?
વનવગડાની વચ્ચે, વડલો કોણે કરી દીધો?
પશુતાને પલટાવી, માનવ મંદિરો કોણે સર્જ્યાં?
કરમાયેલા જીવનફૂલડાં, જગમાં કોણે ખીલવ્યાં?
અનાથનો એ નાથ બનીને, અજાણ બની નાવ ચલાવે.
ભક્ત વળી પોકારે ત્યાં ભગવંત બની બિરાજે.
સર્વેશ્વરી કહે પ્રકટરૂપે એ, યોગેશ્વર રૂપ ધારે.
સર્વ સમર્પણ શ્રી ચરણે કરતાં, દર્શન અલૌકિક ધરતો.

અમે આ સુરતની ધરતી પર એ મહાપુરુષને પ્રકટ સ્વરૂપે પામ્યાં એટલે આ ભૂમિ અમારા માટે તીર્થરૂપ છે. એ મહાપુરુષ ભલે પ્રકટ સ્વરૂપે આપણી વચ્ચે નથી, પરંતુ પરમપુરુષો ક્યારેય વિદાય થતા નથી! સૂક્ષ્મસ્વરૂપે સદાય આપણી સાથે અને પાસે છે તે અમારી નક્કર અનુભૂતિ છે.

એ મહાપુરુષને અંતરમાં પ્રકટાવવા માટે પાત્રતા કેળવવી પડશે. જેટલો ભક્તિભાવ પ્રકટાવીશું તેટલો પ્રભુ પાસે આવશે.

એ પરમપુરુષે પોતાની કઠોર, ઉગ્ર સાધના દરમ્યાન જગદંબાને પ્રકટાવવા અનેક ઉપવાસો કર્યા. એ ઉપવાસોની અનેરી મહેફીલનો દિવ્યાનંદ આજે પણ જાણે અમારા શરીરદ્વારા માણી રહ્યા છે! અમારા ઉપવાસોનું વ્રત આજે બારમા વર્ષમાં પ્રવેશી રહ્યું છે ત્યારે એ શ્રી ચરણોમાં પ્રાર્થના કરીએ છીએ કે "તમારે જે કંઇ કરાવવું હોય તે આ શરીરમાં તમારી અલૌકિક શક્તિથી કરાવજો."

બીજા દિવસના પ્રવચનની શરૂઆત પૂ. માએ પૂ. યોગેશ્વરજી જે સંક્ષિપ્ત ગાયત્રીમંત્રના દ્રષ્ટા બન્યા હતા તે 'ૐ ભર્ગો દેવસ્ય

ધીમહિ ધિયો યો નઃ'ના મધુર ગાનથી કરી રહ્યાં છે.

પૂ. મા કહે "દશરથ પર્વતપર પૂ. શ્રી આ મંત્રના દ્રષ્ટા બન્યા હતા. ઋષિઓ આ મંત્રનું ગાન કરતા હતા. શા માટે ઋષિઓ પ્રકટીને આવું અલૌકિક દર્શન ધરતા હશે? શું તેમની વચ્ચે કંઇ લોહીની સગાઇ છે? ના, તેઓ તો પ્રેમની સગાઇથી બંધાયેલા છે. ઋષિઓનો પરમપ્રેમ અને પૂ. શ્રીનો પણ પરમપ્રેમ! આ પરમપ્રેમનું જ્યાં દર્શન થાય છે ત્યાં પરમતીર્થ સર્જાય છે. જીવનમાં આવો પરમપ્રેમ જાગી જાય તો જીવનપણ તીર્થ બની જાય છે. એટલે તો પૂ. શ્રીએ ગાયું છેઃ–

પ્રભુ પ્રેમ જાગી ગયો મારા પ્રાણમાં,<br>
પ્રેમ પાવો વાગી ગયો મારા પ્રાણમાં.<br>
રોમરોમ રંગાયાં રંગભીના રાગથી,<br>
અંજાયો આતમ અનેરા અનુરાગથી,<br>
હંસલો લાગી ગયો એના તાનમાં–પ્રભુપ્રેમ

પૂ. માના પ્રેમપૂર્ણ બુલંદ કંઠે ગવાયેલા આ પ્રેમગાનથી સૌ જાણે ડોલી ઊઠયા!

પૂ. મા કહે "શ્રી નારદજી કહે છે તેમ કોઇ સુયોગથી પાત્રમાં આવો પરમપ્રેમ જાગી જાય છે ત્યારે બધાં જ બંધનો છૂટી જાય છે.

પૂ. શ્રીના દિલમાં આવો પ્રભુપ્રેમ જાગી ગયો એટલે તો તેઓ સંસાર અને સમાજના બંધનો છોડીને પ્રભુનું જયગાન ગાવા હિમાલયમાં જઇને વસ્યા!

આપણે પણ સંસારી નહીં પણ પ્રભુપ્રેમ જગાવવાનો છે. આ પરમપ્રેમ જ આપણો ઉદ્ધાર કરશે. સ્વાર્થમાંથી નિઃસ્વાર્થ થવામાં



પરમપ્રેમ રહેલો છે. જેમ સંસારી મિત્રો નિઃસ્વાર્થ સંબંધે બંધાય છે. નિઃસ્વાર્થપ્રેમની પાર્ટનરશીપ કરે છે અને જીવનભર આ પરમમૈત્રી નિભાવે છે તેમ સંસારના સંબંધોમાં પણ આવો નિઃસ્વાર્થ પ્રેમ પ્રકટાવવાનો છે. આપણું પરમધ્યેય જીવનમાં પ્રભુપ્રેમ જગાવવાનું છે. આ પરમધ્યેય પ્રાપ્ત કરવા ભલે શરીર ન્યોછાવર થઇ જાય! કષ્ટ પડે તો પણ પરમધ્યેય પામીને જ રહેવાનું છે. અમે દુર્ગમ દશરથ પહાડ ચડીને પણ પ્રભુનો પરમપ્રેમ પામ્યાં. ભગવાનને પોતાની માલિકીના કરવા માટે જાનની બાજી લગાવવાની છે.

સંસારી પ્રેમને પોતાના માપદંડ છે. શ્રી શંકરાચાર્ય કહે છે તેમ–

જ્યાં લગી પૈસો પ્રાપ્ત કરે,<br>
ત્યાં સુધી કુટુંબ પ્રેમ કરે.<br>
થતાં દરીદ્ર ઘરમાં ન કોઇ ભાવ પૂછે–<br>
ભજ ગોવિંદમ્, ભજ ગોવિંદમ્, ભજ ગોવિંદમ્ મૂઢમતે!

સંસારના સંબંધો સ્વાર્થથી ભરેલા છે માટે પ્રભુ સાથે સંબંધો બાંધો. મિત્રતા બધા સાથે રાખો પણ પ્રભુને છોડીને નહીં! આપણે હૃદયપર સંસારી આસક્તિના ભાર ભર્યા કરીએ છીએ. આખરે એ આસક્તિનો આધાર નિષ્ફળ નીવડે છે ત્યારે આપણે ભાંગી પડીએ છીએ.

આસક્તિ અને પરમપ્રેમનો ભેદ સમજવાનો છે. આસક્તિ બંધનમાં નાંખે છે જ્યારે પરમપ્રેમ મુક્તિ અપાવે છે. દેહ ભસ્મીભૂત થવા છતાં દેહના સંબંધો રડાવે છે, જ્યારે પરમપ્રેમ તો હરક્ષણે પરમાનંદ પ્રકટાવે છે. માટે કોની સાથે સગપણ મજબૂત

કરવું, સંસાર સાથે કે શ્રીવરની સાથે, તેનો નિર્ણય વિવેકથી કરી લેવાનો છે. મીરાં, ગોપી, શબરી, તુલસી, સુરદાસ અને નરસિંહ પ્રભુ સાથે પરમપ્રેમના શાશ્વત સંબંધે બંધાયા તો પરમમુક્તિનો પરમાનંદ પામ્યા.

પૂ. શ્રીએ તો શાશ્વત સંબંધની સાર્થકતા સમજાવતાં ગાયું છે–

સગપણ શ્રીવરનું સાચું રે,
બીજું બધું દુનિયાનું કાચું રે,
આજકાલ હમેશાં સાચું રે,
દિન દિન વધનારું ઝાઝું રે. સગપણ.
જેણે એ તાણીને બાંધ્યું રે,
ના દુઃખ તેને કદી આવ્યું રે. સગપણ.
મરણ પછી મુક્તિ દેનારું રે,
જીવનમાં અમૃતનું ટાણું રે. સગપણ.
સનાતન સગપણ આ સાચું રે,
અનુભવે જાણીને ગાયું રે. સગપણ.

અમે પ્રભુ સાથે તાણીને સગપણ બાંધ્યું છે તો આજે અમે ક્યાં છીએ તે તમે જુઓ છો. પ્રભુ અમને તમારી નજરની સામે જ હરપળે એ સનાતન સંબંધે સંભાળી રહ્યા છે. કશીએ વાતે અમને ખોટ રહેવા દેતા નથી.

આ પરમપ્રેમ પ્રકટાવવા ત્યાગ કરવો પડે છે. સંસારીપ્રેમને પરમપ્રેમમાં પલટાવવો પડે છે. બધા જ સંસારના પ્રેમનો સરવાળો કરીને પ્રભુપ્રેમમાં વાળવો પડે છે. સંસારને વાળીઝૂડીને ભગવાનમાં સમાવી દો. બધા જ સંબંધો પ્રભુ સાથે બાંધો. માતાપિતા, બંધુ, સખા વિગેરે બધા સંબંધે પ્રભુ સાથે જ બંધાઓ.



સંસાર પ્રભુ સાથે માંડો, જગત સાથે નહીં.

અમે બધું જ છોડીને પ્રભુના થઈ ગયાં. અમારા અસ્તિત્વના કણેકણ પ્રભુ તરફ વાળ્યા. ભક્ત કવિ નાનાલાલ કહે છે તેમ અમારા જીવનની સર્વ નાની ઝરણીઓ પ્રભુરૂપી મહાસાગરમાં વાળી દીધી!

પિતા! પેલો આઘે, જગત વીંટતો સાગર રહે,
અને વેગે પાણી સકળ નદીનાં તે ગમ વહે.
વહો એવી નિત્યે મુજ જીવનની સર્વ ઝરણી,
દયાના–પુણ્યોના તુજ પ્રભુ! મહાસાગર ભણી.

કોટર્યાક નગરથી અણારી પ્રાર્થનાની સર્વ ઝરણિઓ પ્રભુના પ્રેમસાગર ભણી વાળી દીધી! રોમેરોમથી પ્રભુને પોકાર્યા સંસારનાં સર્વ સગપણો પ્રભુ સાથે તાણીને બાંધી દીધા તો પ્રભુએ અમને અપનાવીને પરમાનંદમાં ડૂબાડી દીધાં, ન્યાલ કરી દીધાં.

જેણે એ તાણીને બાંધ્યું રે,
ના દુઃખ એને કદી આવ્યું રે.

ઉપરની પંક્તિઓ બુલંદ કંઠે અભિનય સાથે પૂ. માએ જ્યારે ભરસભામાં વારંવાર સંભળાવી ત્યારે સૌએ જાણે ભક્તિની શૂરવીરતાનો સાક્ષાત્કાર અનુભવ્યો. ધનુષ્યની પણછ ખેંચતાં હોય તેમ બંને હાથે અભિનય કરીને ગાતાં ગાતાં પૂ. મા જાણે લડવાના જોશમાં બેઠાં થઈ જતાં હતાં! આ ભક્તિગાનથી પૂ. માએ શૂરવીરતાની ભક્તિનો નશો સૌમાં ભરી દીધો!

એક જ ગુરુપ્રત્યેની નિષ્ઠાને વળગી રહેવા ભારે જુસ્સા સાથે તીખાતમતમતા શબ્દોમાં પોકાર પાડી પૂ. માએ કહ્યું "ભક્તિનો વ્યભિચાર ન કરો, વ્યભિચારિણીની જેમ નિત્ય નવા ગુરુની

શોધમાં ભટક્યા ન કરો. એક સમર્થ ગુરુને શોધીને તેને વળગી જાઓ. આ જગતમાં સમર્થ ગુરુ મળવા દુર્લભ છે. માટે સમર્થ મળ્યા છે તો એકને જ વળગી જીવનનો ઉત્સવ મનાવી લો.

માનવ શરીર એ છેલ્લી ગાડી છે. તે ચૂકી જાશો તો પરમધામના સ્ટેશને નહીં પહોંચાય. માટે આ શરીરરૂપી ગાડીને પ્રભુના પરમધામ તરફ વાળી દો.

પ્રભુપ્રાપ્તિનો સર્વોત્તમ માર્ગ અંતરમાં પરમપ્રેમ જગાવવાનો છે. અહીં દૂર દૂરથી સૌ શિબિરમાં આવ્યા છો તો અહીંથી પ્રભુ-પ્રેમથી ભરાઈને—ઉભરાઈને સંપન્ન થઈને જવાનું છે.

પૂ. માનું પ્રવચન એ કોઈ શબ્દોની ગૂંથણી નથી. એ તો પરમપ્રેમનું અનુભૂતિ સંપન્ન પ્રેમગાન છે. દરેક શબ્દ ગીતા-વાક્યનું સામર્થ્ય ધરાવે છે.

પૂ. માના શ્રીવિગ્રહનું દર્શન એ સાધારણ દર્શન નથી! ઊંડેરુ નીરખીએ તો નિરંતર હરિદર્શન છે. એક મીટ માંડીને મટી જવાનું છે!

નેનાં! નીરખો ઊંડેરુ રે, હરિવર દરસે સદા,
આંખ આળસ છાંડો રે, ઠરો એક ઝાંખી કરી;
એક મટકુ તો માંડો રે, હૃદયભરી નીરખો હરિ.



# આધ્યાત્મિક બળનો ઉત્કૃષ્ટ ચમત્કાર

પુ. કે. બુચ

તીર્થંકર ભગવાન મહાવીરદેવના મુખેથી નીકળતા "બુઝ્ઝ બુઝ્ઝ ચંડકોસિયા!" એવા શબ્દમાત્રથી ઝેરીલો દૃષ્ટિવિષ સાપ સાવ શાંત બની જાય એ શું આધ્યાત્મિક બળનો ઉત્કૃષ્ટ કોટિનો ચમત્કાર નથી?

**આનંદઘનજીના પેશાબમાં સુવર્ણસિદ્ધિ**

મહાયોગી આનંદઘનજીના જીવનનો પણ એક અદ્ભુત ચમત્કારિક પ્રસંગ સાંભળવા મળ્યો છે.

એક વાર એમના ગૃહસ્થ જીવનના જૂના મિત્ર ઈબ્રાહીમે પોતાના નોકર રસૂલદ્વારા પોતે સિદ્ધ કરેલ સુવર્ણસિદ્ધિનો રસ આનંદઘનજી ઉપર મોકલ્યો. રસૂલ આવીને કહે છે : "મહા-રાજશ્રી! આ રસ એવો છે, જેને લોખંડ ઉપર નાંખતાં જ સોનું થઈ જાય છે. આવો આ રસ આપના મિત્ર અને મારા શેઠ ઈબ્રાહીમભાઈએ ખાસ આપના માટે, સૌથી પહેલો આપને જ મોકલ્યો છે. આપ એનો સ્વીકાર કરો."

આનંદઘનજી ના પાડે છે, છતાં રસૂલ ખૂબ આગ્રહ કરે છે છેવટે એ રસનું પાત્ર તેઓ લઈ લે છે. અને પછી જમીન ઉપર ઢોળી નાંખે છે. હજારો રૂપિયાની કિંમતનો રસ જમીન પર ઢોળાઈ જતાં અને આ રીતે પોતાના શેઠનું અપમાન થયાનું જણાતાં રસૂલ ખૂબ ગુસ્સે થઈ જાય છે, "તમે બાવા થઈ ગયા એટલે શું થઈ ગયું? અમારા શેઠનું આ રીતે અપમાન કરો છો?

કોઇ વ્યવહારનું તમને ભાન છે કે નહિં. આવી મૂલ્યવાન ચીજ આમ ગુમાવી દેવાની?"

આનંદઘનજી કહે છે, "ભૈયા! ઇસમેં ક્યા હો ગયા? લો દેખો."

એમ કહીને થોડે દૂર જઇને ત્યાં એક પથ્થરની બાજુમાં તેઓ પેશાબ કરે છે અને પાછા આવે છે.

પેલા રસૂલે જોયું કે મુનિશ્રીના પેશાબના છાંટાઓ જે પથ્થર પર પડયા છે એ પથ્થર આખો સોનાનો થઇ ગયો છે.

ત્યારબાદ આનંદઘનજી એને સમજાવે છે કે, "દેખો ઐસી સિદ્ધિઓકી સંસારમેં કોઇ કિંમત નહિ હે, ક્યોંકિ ઇસસે આત્માકા કોઇ કલ્યાણ નહિં હોતા હૈ."

અલબત્ત આધિભૌતિક શક્તિઓ કરતા ચઢિયાતી આધિદૈવિક શક્તિઓ ભલે હોય, પરંતુ તેના કરતાંય વધુ મહાન આધ્યાત્મિક તાકાત છે. એણે સિદ્ધ કરેલો અહિંસકભાવ હિંસક પશુઓના આત્મવેરને પણ ઓગાળી નાંખે છે.

આવા અધ્યાત્મનાં જીવંત કેન્દ્રો પાસે તો દેવાત્માઓ પણ સેવકભાવે ફરતા હોય છે. વિશુદ્ધની જ જ્વાળા પ્રગટાવજો અને અશુદ્ધિને જલાવી દેજો.



# ત્રણ દુર્લભ વસ્તુઓ

મહાત્મા શ્રી યોગેશ્વરજી

શંકરાચાર્યે વરસો પહેલાં એમના વિખ્યાત વેદાંતગ્રંથ વિવેકચૂડામણિમાં કહ્યું છે કે, ત્રણ વસ્તુઓ ખરેખર દુર્લભ છે અને ઈશ્વરનો અનુગ્રહ અથવા દેવની અનુકુળતા હોય તો જ પ્રાપ્ત થઇ શકે તેવી વિરલ છે. એક તો મનુષ્યત્વ, બીજું મુમુક્ષુત્વ અને ત્રીજું મહાપુરુષોનો સમાગમ. જગતમાં બીજી બધી વસ્તુઓ સર્વસામાન્ય છે અને સહેલાઈથી મળી શકે એમ છે, પરંતુ આ ત્રણ વસ્તુઓ કોઇક જ ઠેકાણે અને કોઇકના જ જીવનમાં મળતી હોય છે. સંત તુલસીદાસે કહ્યું છે તેમ સુત, દારા તથા લક્ષ્મી તો પાપીની પાસે પણ હોઇ શકે પણ પેલી શંકરાચાર્યે કહેલી ત્રણ દુર્લભ વસ્તુઓ તો કોઇ વિરલ પુણ્યશાળીને જ પ્રાપ્ત થતી હોય છે. શંકરાચાર્યે એવો નિર્દેશ કરતો શ્લોક વિવેકચૂડામણિમાં વરસો પહેલાં લખ્યો છે છતાં પણ એનું મહત્ત્વ આજે પણ એવું જ તાજું છે અને એ શ્લોક આજે જ લખાયો હોય એવું લાગયા કરે છે.

### ત્રણ દુર્લભ વસ્તુઓ

શંકરાચાર્યના જમાનામાં જેવી પરિસ્થિતિ હતી તેવી પરિસ્થિતિ આજે પણ કાયમ છે. એટલે એ શ્લોકનો સંદેશ આજે પણ એવો જ સનાતન છે.

શંકરાચાર્યે કહેલી ત્રણ દુર્લભ વસ્તુઓમાં પહેલી દુર્લભ વસ્તુ મનુષ્યત્વ છે. મનુષ્યશરીર તો પ્રાપ્ત થયું અને મનુષ્ય તરીકે

ઓળખાયા પણ ખરા, પરંતુ એટલાથી જ કંઇ મનુષ્યત્વ આવ્યું એમ ના કહી શકાય. મનુષ્યશરીર પ્રાપ્ત થવું એ એક વાત છે અને મનુષ્યત્વથી મંડિત થવું એ જુદી જ વાત છે. બધા જ મનુષ્યો મનુષ્યત્વથી સંપન્ન નથી હોતા. એમના જીવનમાં વધારે ભાગે દાનવતાનું દ્વંદ્વયુદ્ધ ચાલતું હોય છે. અને એ માનવતાના ગુણ-ધર્મોથી વંચિત હોય છે. બહારના રૂપરંગ અથવા તો આકાર પરથી એમને કહેવાને ખાતર માનવ કહી શકાય ખરા, પરંતુ અંદર-ખાનેથી જોતાં અને મૂલવતાં એમને માનવના મહામૂલ્યવાન મહિમાવાળા નામથી સંબોધવાનું મન ભાગ્યે જ થતું હોય છે. બાહ્ય રૂપરંગથી મનુષ્ય થયા એટલે કાંઇ સાચા અર્થમાં માનવ થોડું જ થવાય છે? સાચા અર્થમાં માનવ થવા માટે તો માનવ-તાના ગુણધર્મો જોઇએ, મનુષ્યત્વ જોઇએ, તેમ જ દાનવતાના દુર્ગુણો અને દુષ્કર્મોથી સંબંધ વિચ્છેદ થયો હોવો જોઇએ. ત્યારે જ મનુષ્યત્વની પ્રાપ્તિ થઇ એમ કહી શકાય. મોટાભાગના માણસોના જીવનનું પૃથક્કરણ કરવામાં આવે તો શું દેખાશે? સ્વાર્થ, લાલસા, કૂડકપટ, કઠોરતા, નિર્દયતા, રાગદ્વેષ સંકુચિતતા, બીજાને સમજવાની વૃત્તિનો અભાવ, બીજાને ભોગે માલદાર બનવાની પ્રવૃત્તિ અને જાણે કે દુન્યવી વસ્તુઓના સંગ્રહને માટે જ ધર્મ, અધર્મ કે નીતિ—અનીતિના વિચારને તિલાંજલિ આપીને સતત શ્રમ કરવા માટે શરીર ધારણ કર્યું હોય એવો જીવન-વ્યવહાર. એમની વાણી કડવી હોય છે. એમના વિચારો વિકૃત તથા નુકશાનકારક હોય છે, અને એમનું વર્તન વિપથગામી હોય છે. બીજાનું હિત કરવાની, પ્રમાણિકતાથી ચાલવાની અને બીજાને ઓછા કે વત્તા પ્રમાણમાં મદદરૂપ થવાની ભાવના, લાગણી કે વિચારણા એમની અંદર ભાગ્યે જ દેખાય છે. સત્ય અને શુભની



સાથે તો એમણે છૂટાછેડા જ લીધા હોય છે. જીવન શાને માટે મળ્યું છે અને એનો વધારેમાં વધારે સારો ઉપયોગ કેવી રીતે કરી શકાય તેનો વિચાર એ નથી કરતા. એવા વિચારમાં એમને રસ જ નથી હોતો. એમનાં કર્મો એમને માટે તથા જે સમાજમાં એ રહે છે તે સમાજને માટે પણ અમંગલ હોય છે. સંક્ષેપમાં કહીએ તો ગીતાના સોળમા અધ્યાયમાં વર્ણવેલી આસુરી સંપત્તિના એ પ્રતિનિધિ હોય છે. એવા આસુરી સંપત્તિના મૂર્તિમંદ સ્વરૂપ જેવા મનુષ્યો સંસારમાં ઘણા છે અને એમણે મનુષ્યત્વની પ્રાપ્તિ કરવાનું બાકી છે એ હકીકતનો સ્વીકાર કર્યા વિના ચાલે તેમ નથી. માણસે સૌથી પહેલાં તો માનવતાની માવજત કરવાની અથવા તો મનુષ્યતાને કેળવવાની જરૂર છે. તેના વિના સુખ-શાંતિમય જીવન અને જગતની રચના આકાશ કુસુમ સમી અ-શક્ય જ થઇ પડવાની.

## મુમુક્ષુત્વ

બીજી દુર્લભ વસ્તુ મુમુક્ષુત્વ છે. મુમુક્ષુત્વ એટલે મુક્ત થવાની, પૂર્ણ બનવાની, પરમશાંતિની પ્રાપ્તિ કરવાની કે પરમાત્મા-નો સાક્ષાત્કાર કરવાની તીવ્ર ઇચ્છા. સર્વ પ્રકારના બંધનોમાંથી મુક્તિ મેળવીને પરમ સુખશાંતિનો આસ્વાદ લેવાની એવી અદમ્ય ઇચ્છા પણ કોઇની અંદર જ પેદા થાય છે અને જોવા મળે છે. મનુષ્યત્વની પ્રાપ્તિ કદાચ થઇ જાય કિન્તુ મુમુક્ષુત્વનું પ્રાગટય થવું મુશ્કેલ છે. માણસ વિદ્વાન, જ્ઞાની કે પંડિત હોઇ શકે, શાસ્ત્રજ્ઞ પણ બની શકે, યોગી ઉપાસક કે ભક્ત પણ થઇ શકે, એ બધા કઠિન કહેવાતા પદને પ્રાપ્ત કરી લે, તો પણ મુમુક્ષુ ન બની શકે. એ મુમુક્ષુ હોય અથવા ન પણ હોય. મુમુક્ષુ થવાનું કામ એવું મુશ્કેલ છે.

એ મુમુક્ષુત્વનું સ્વરૂપ કેવું છે તે જાણો છો? ખૂબ જ ભૂખ લાગે અથવા તરસ લાગે, અથવા ચારે તરફથી આગ સળગે, તો તેમાંથી છૂટવા માટે કેવી ઉત્કટ ઇચ્છા થાય છે? અશાંતિ અને અલ્પતામાંથી નિવૃત્ત થવાની તથા પરમાત્માનો સાક્ષાત્કાર કરવાની એવી ઉત્કટ ઇચ્છા અથવા તો એથી પણ વધારે ઉત્કટ ઇચ્છાને મુમુક્ષુત્વ કહી શકાય. એ ઇચ્છા ક્ષણભંગુર અથવા અલ્પજીવી ન હોવી જોઇએ. પરંતુ ધ્યેયની ઉપલબ્ધિ થતાં સુધી એકધારી ટકી રહેનારી હોવી જોઇએ. મુક્ત થવાની એવી તીવ્ર ઇચ્છા અત્યંત દુર્લભ છે. એમ કહેવાય છે કે તે સંપૂર્ણ સાચું છે ને કોઇકના જીવનમાં જ જાગી ઊઠે છે. માનવસમાજનું વિહંગાવલોકન કરીએ તો એ વસ્તુની પ્રતીતિ સહેલાઇથી થઇ શકે છે.

માનવતાના ગુણધર્મોથી અલંકૃત થવાય અને મુક્ત, પૂર્ણ, પ્રશાંતિ પ્રાપ્ત કે પરમાત્માદર્શી થવાની ઉત્કટ ઇચ્છા પણ જાગી ઊઠે, પરંતુ એ ઇચ્છાનો અમલ કરવા માટેના યોગ્ય કાર્યક્રમની જ ખબર ના હોય તો? એ ઇચ્છા ભાગ્યે જ ફળવતી બની શકે. એ ઇચ્છાને સફળ કરવા માટેની સાધના બતાવનાર સ્વાનુભવી મહાપુરુષ પણ જોઇએ. એવા મહાપુરુષ દ્વારા અવારનવાર માર્ગદર્શન મળવાથી કામ સરળ બની જાય. પરંતુ એવા સ્વાનુભવી મહાપુરુષ કાંઇ જેને તેને અને જ્યાં ત્યાં મળે છે? એ સહેલાઇથી નથી મળતા. માટે તો શંકરાચાર્યે કહ્યું છે કે એવા મહાપુરુષનો સમાગમ દુર્લભ છે. ત્રીજી દુર્લભ વસ્તુ તરીકે એ એનો ઉલ્લેખ કરે એ બરાબર જ છે.

સ્વાનુભવી સાચા સત્પુરુષો જીવનના સંરક્ષકનું કામ કરે છે એ સાચું છે. એમના સાન્નિધ્યમાં માણસને હૂંફ મળે છે, સુખશાંતિનો અનુભવ થાય છે, પ્રકાશ સાંપડે છે, અને જીવનપથના



પ્રવાસપર અવનવી પ્રેરણાથી પ્રેરિત થઇને પ્રયાણ કરાય છે. ઈશ્વરની કૃપાથી એવા સત્પુરુષોનો સહવાસ સરળ બને છે. જેને એવો સહવાસ સાંપડી જાય છે તેને પછી જીવનના ઉદ્ધારની ચિંતા રહેતી નથી. એવા સત્પુરુષોની સંખ્યા આજે ઓછી થઇ છે, છતાં પણ તે છે જ નહિ એવું નથી સમજવાનું. તે મળી શકે છે. છેવટે તો માણસે પોતે જ એવા સત્પુરુષ થઇ જવાનું છે. પણ આરંભમાં એમની સંગતિ ને સહાયતા લગભગ અનિવાર્ય હોય છે અને આશીર્વાદરૂપ થઈ પડે છે.

* * *

મનુષ્યત્વ, મુમુક્ષુત્વ અને મહાપુરુષનો સમાગમ એ ત્રણે દુર્લભ વસ્તુઓને સુલભ કરીએ અથવા તો એમાંથી કોઇ એકનો પણ આધાર લઇએ તો જીવન સુખી થાય તથા કૃતાર્થ બની જાય.


**અંબાજીમાં ક્યાં ઉતરશો?**
"સ્વર્ગારોહણ"
**માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ**
"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૨૨૬૯
(ઉ. ગુ.) ૩૮૫૧૧૦

## * સાધકને *

(રાગ : મંદિર તારું વિશ્વરૂપાળું...)

સાધક જન તો તેને કહીએ,
જે પ્રીત પ્રભુમાં પરોવે રે;
સદ્‌ગુરુદેવનું શરણું શોધીને,
ભવનું બંધન તોડે રે. સાધક જન.
વચન વિચારે શાસ્ત્ર–ગુરુનાં,
શબ્દોનો સાર નિતારે રે;
સમજે નહીં ત્યાં પૂછે ગુરુને,
પૂછીને પંડમાં પાળે રે. સાધક જન.
ભોગમાં ભમતાં મનને રોકી,
યોગના રંગે રમાડે રે;
ઇન્દ્રિયોને અંકુશમાં રાખી,
પૂર્ણ પવિત્ર બનાવે રે. સાધક જન.
જગમાં હરિને જગ હરિમાં,
જોતાં જીવન વિતાવે રે;
પ્રેમનું અમૃત અખંડ પીતાં,
"કૃપાલુ" પાર ઉતારે રે. સાધક જન.

— મંછારામ વિ. રામાનુજ



## * મનને *

આ જગ–મધપુડે મન–ભમરા!
લુબ્ધ બની લબદાયે!
સ્વલ્પ મધુ–કણ લાભે–લોભે
મૂઢ મૃત્યુ–ગીત ગાયે
આ જગ–મધપુડે મન–ભમરા!

હે મન–મીન! આ ભવસાગરમાં
ભાન ભૂલી ભટકાયે!
તરલ તરંગે તરતાં તરતાં
મગરમચ્છ–મુખ જાયે
હે મન–મીન! આ ભવસાગરમાં,

હે મન–મૃગ! આ ભવાટવીમાં
અંધ બની અટવાયે!
હિંસ્ર–પશુ–દ્રંષ્ટ્રા બિચર્વિત
ચૂર્ણ ભક્ષ્ય ભરખાયે!
હે મન–મૃગ! આ ભવાટવીમાં,

હે મન–હંસા! જગ–કર્દમ આ!
કણસ–કાળ આ કૂડો,
પાંખ પસારી, આભ આંખ ભરી
ઊર્ધ્વ–લોક–પ્રતિ ઊડો
હે મન–હંસા! જગ–કર્દમ આ.

— ડૉ. રણજિત પટેલ (અનામી)

મુંબઇ ખાતે
# પુણ્યતિથિની ઉજવણી

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની અગિયારમી પુણ્યતિથિ તા. ૧૮–૩–૯૫ ના રોજ પ્રેમપુરી આશ્રમ, બાબુલનાથ, મુંબઇ ખાતે ઉજવાઇ હતી, તે સમારંભનું અધ્યક્ષપદ સ્વામી શ્રી વિશુદ્ધાનંદજી મહારાજે સંભાળ્યું હતું.

તે પ્રસંગે સ્વામીશ્રીએ પૂ. યોગેશ્વરજીનાં જ્ઞાન, ભક્તિ અને શ્રદ્ધા તેમજ સમર્પણને બીરદાવી, શ્રદ્ધાંજલિ અર્પી હતી.

મુંબઇ ખાતેનું આ આયોજન પોરબંદર ધી સેન્ટરના શ્રી જયંતીભાઇ શાહની ભાવનાને લીધે થયું હતું.

## ચૂંટેલાં પુષ્પો

જવાબદારી એ હકની જનેતા છે, માટે પહેલી જવાબદારી અને પછી જ હક.

* * *

પોતાનું સુખ જતું કરીને, બીજાને આપે તે જ સાચો સેવક ગણાય.

* * *

હિંમતભર્યો પ્રયત્ન એ અડધી સફળતા છે.



# શ્રદ્ધાંજલિ

[મસૂરી ખાતેના મહાત્મા યોગેશ્વર સરસ્વતી શિશુમંદિરના પ્રધાનાચાર્ય શ્રી દિનેશપ્રસાદજીની સ્વરચિત કૃતિ, પૂ. શ્રીને શ્રદ્ધાંજલિરૂપે રજુ કરી છે. —તંત્રી]

(१)

परम आत्मा धारण कर हे मनुज के धारी
आपने गांधी निवास में प्रवास कर
ज्ञान का उन्नत बीज प्रसराकर
अपने प्रवचनों से ज्ञान की ज्योति जलाकर
अनेकों रत्नों को संजोकर
श्री रतनलाल को शुभ संदेश देकर
पवित्रता का वातावरण बनाकर
आपकी अलौकिक दृष्टि पाकर
ज्ञानमंदिर से प्रकाश प्रस्फुरित होकर
धन्य है गांधी निवास स्थान.

(२)

आपका सतत सान्निध्य पाकर,
बीज वटवृक्ष बनकर।
पू. माँ की ध्येय साधनाको देखकर,
जो जगदम्बा का प्रतिरूप है।
जो ममता समता की प्रतिमूर्ति है,
जिनके हृदय में अटल विश्वास
जो आधुनिक मीरा है।

प्रभुके भजनोंसे कराती रस पान है
चाहे देश हो, विदेश हो
सबके लिए प्रेरणा श्रोत है
माँ के दिव्य जीवनसे, प्रेरणा पाकर गूंथते श्रद्धा लडी है,
साधना ही मुक्तिका शुभ द्वार है।
शक्ति ही तो शांति का आधार है।
कार्य अपने हाथ है पर, फल प्रभु के हाथ है।
हेतत्वदर्शी सर्ब स्पर्शी, शत शत नमन है।
सफल मनोरथ होंय हमारे, जब दिव्य दर्शन होवें तुम्हारे.

स्वरचित (दिनेशप्रसाद सेमवाल) प्रधानाचार्य

## ચૂંટેલાં પુષ્પો

બીજાને સુખ આપવા માટે જાતે અપાર દુઃખ વેઠે અને પોતાની જાતને ઘસી નાંખે એનું નામ સંત.

* * *

ગરીબી, દુઃખ અને ભૂખમાં જીવતા આપણા બાંધવોની સેવા કરવાની તક, ઈશ્વર આપે તે જીવનની ધન્યતા ગણાય.

* * *

કોઇ પણ સમયે, જેટલું બને, જેવી રીતે બને, જ્યાં બને, બને ત્યાં સુધી સર્વ માનવોનું ભલું કરો.

* * *

સાત વખત પડો પણ આઠમી વખત ઉભા થજો.



# નમન

એક સંત

નમનમાં દીનતાની–દાસત્વની ભાવના છે. સર્વ વસ્તુ ભગવાનની જ છે તો પછી આપણે શી વસ્તુ ભગવાનને ભેટ આપીએ? એમ સમજીને નમન નામની ભેટ ચરણે ધરીએ છીએ. પ્રારંભમાં સદા પ્રાર્થના–પ્રભુવંદન જ હોય. અંતર્યામી પ્રભુપ્રત્યેની ભાવભરી ઉદ્‌ગારોની અભિવ્યક્તિનું નામ જ પ્રાર્થના. આ શક્તિ પ્રાર્થના કરનારને સ્ફૂર્તિ–ચેતન આપે છે. અને આત્માને દૃઢ કરે છે. સાત્ત્વિકતાની શાન વધારે છે. 'નમન'–પ્રાર્થનાના ઉદ્‌ગારરૂપે જીવનનું રસાયણ છે ને દિવ્ય અમૃત છે. નિરાધારના આધાર પરમ કૃપાળુ પરમાત્માના ચરણમાં અંતરનાં કમાડ ખુલ્લાં કરીને, સાચા દિલના આંસુવડે વંદન કરી છાતી ભીંજાવી દઇ વાત્સલ્ય ને દીનતાભર્યા શાંતિના અમૃતમાં સ્નાન કરવાની કેવી મઝા આવે! દીનતાપૂર્વક નમન કરવાથી ભગવતકૃપા સહજ પ્રાપ્ત થાય છે. નમન દીનતાનું પ્રતીક છે. સર્વધર્મમાં 'નમન' પ્રિય છે. ધર્મોનું સામ્ય 'નમન'માં જ છે. 'નમન' શબ્દ આગળથી કે પાછળથી વાંચો તો પણ 'નમન' જ કાયમ રહે છે. મહાન માનવીની પ્રથમ પરીક્ષા એની નમ્રતામાં જ છે. પ્રભુના ચારૂ ચરણોમાં જે મન સમર્પી દે છે તેનું જ સમર્પણ દીપે છે. બધાને વંદન કરવાનો ભાવ જાગે ત્યારે સમજવું કે ભક્તિના છોડને હવે ફૂલ આવ્યાં અને ફળ હવે આવશે. 'નમતા બધાને ગમતાં.' એ ભાવથી નમો અને મેળવો.

### ટોરોન્ટોમાં પૂ. શ્રીના

# લીલાસંવરણદિનની ઉજવણી

સુરેશભાઇ શાહ–કેનેડા

મહાપુરુષોના પાર્થિવતનુના પરિત્યાગનો પ્રસંગ પ્રેરણાત્મક હોય છે. તેમના ભક્તો અને અનુયાયીઓ માટે તે પ્રેરણા માટેનું પર્વ બની જાય છે.

૧૮ મી માર્ચ, ૧૯૯૫ પૂ. શ્રીનો બારમો લીલાસંવરણદિન પૂ. શ્રી યોગેશ્વર ધ્યાનકેન્દ્ર ટોરોન્ટોએ શ્રી ડાહ્યાભાઇ લાડના નિવાસ-સ્થાનમાં ખૂબ જ પ્રેમ, ઉત્સાહ અને આનંદ તેમ જ પૂ. શ્રી માટેની અનુપમ શ્રદ્ધાથી ઉજવ્યો. પૂ. શ્રીની સ્તુતિ, વંદના અને પ્રાર્થનાથી કાર્યક્રમની શરૂઆત થાય છે.

દિવાનખંડમાં પૂ. શ્રીનું અને પૂ. મા–પ્રભુનું એમ બે મોટા સ્વરૂપોને સુશોભિત આસનો ઉપર ફૂલહારથી શણગારવામાં આવ્યા છે. પૂ. શ્રીની પાદુકા માટે કલામય બાજઠ ઉપર ચાંદીનું ઝુમર તથા દિવાલો ઉપરના સ્વરૂપોને ચંદનપુષ્પોની પૂજાથી જીવંત બનાવી દેવામાં આવ્યાં છે. સમગ્ર વાતાવરણ યજમાનશ્રી ડાહ્યા-ભાઇ અને ગીતાબેનના પ્રભુપ્રત્યેના પ્રેમની સાક્ષી પૂરે છે. તથા તેમની કલાત્મક સૂઝની પ્રતીતિ કરાવે છે. સમગ્ર પરિવારે આજે મનની પવિત્રતા કેળવવા ઉપવાસ કર્યો છે.

ભાઇ યોગેશ, રીના અને રાધા પૂ. શ્રીની પાદુકાનું, સ્તવન-માળાની સાથે પુષ્પ અને અક્ષતથી પૂજન કરતાં જણાયા કરે છે.



પાદુકા પૂજન બાદ ભગવાન રમણમહર્ષિના આશ્રમમાં જતાં ટ્રેઇનમાં પૂ. શ્રીએ ૧૯૪૧ માં લખેલું ભજન "પ્રેમ કર્યા વિના ચાલશે ના" પૂ. શ્રીના કંઠે ગવાયેલું સૌ સાંભળે છે. ત્યારબાદ બીજાં ભજનો પણ ગવાય છે.

૧૯૮૪ ના ૧૮ માર્ચથી અન્નનો ત્યાગ કરી પોતાના પ્રાણથી પણ પ્યારા પ્રભુને પ્રાપ્ત કરવા પ્રાણની બાજી લગાડનાર પૂ. માને સૌ પ્રણામ કરે છે. અને પૂ. માનું વ્રત શીઘ્રાતિશીઘ્ર પૂર્ણ થાય તેવી પ્રભુને પ્રાર્થના કરે છે.

પ્રણામ, આરતી, બાવની, શાંતિપાઠ, પ્રસાદ અને બાળકોના પૂ. શ્રીના નિવેદનો સાંભળી સૌ હર્ષ અને ઉલ્લાસથી છૂટાં પડે છે. બાળકોના વક્તવ્યમાં જીજ્ઞા તલાટી, યોગેશ લાડ, હિતેશ લાડ અને ચિરાગ પરીખનો સમાવેશ થાય છે. વક્તવ્યનો પ્રધાનસૂર હતો કે મા–પ્રભુ આપણી સાથે જ છે, આપણને સતત હિમત અને માર્ગદર્શન આપે છે. જે પોકારે છે તે પામે છે.

પ્રભુને પ્રાર્થના કે અમારી ભક્તિ અને શ્રદ્ધા અવિચળ રાખે.

## ચૂંટેલાં પુષ્પો

ખુશામતની કળા શીખવા કરતાં જીવવાની કળા શીખશો તો તે ખૂબ ઉપયોગમાં આવશે.

* * *

સ્નેહની ચાવી વડે તમે દરેક માનવીના દિલની તિજોરી ખોલી શકશો.

# સમયનો સદુપયોગ

કમલ સુથાર

સમય મૂલ્યવાન છે. જે એનો સદુપયોગ કરે છે એ જ જીવનમાં પ્રગતિ કરી શકે છે. સુખી બની શકે છે. ધ્યેય-લક્ષને સિદ્ધ કરી શકે છે. દુનિયામાં જે જે મહાપુરુષો થઇ ગયા તેઓએ સમયનો સદુપયોગ કર્યો છે. પુરુષાર્થ કર્યો છે. અને આ દ્વારા જ તે પરમસિદ્ધિના સ્વામી બન્યા છે.

જે દેશના લોકો સમયનો સદુપયોગ કરવાનું જાણે છે, તે દેશ પ્રગતિનાં શિખરો સર કરે છે. ભૌતિક રીતે સુખી બને છે. સમૃદ્ધિ તેઓને વરે છે. જેમકે જાપાન જેવો નાનકડો દેશ ત્યાંનો એકે એક નાગરિક-રહેવાસી સમયનો સદુપયોગ કરે છે. સમયપાલન કરે છે. અને પોતપોતાના ક્ષેત્રમાં નિષ્ઠાપૂર્વકનો વિવેકીપુરુષાર્થ કરે છે. નિશ્ચિત લક્ષ્ય, સમયનો સદુપયોગ કરવા માટે સજાગતા, અને પ્રબળ પુરુષાર્થથી તેઓ દુર્ભાગ્યને સદ્‌ભાગ્યમાં પલટાવે છે. સ્વમાનભેર જીવે છે. ખુમારીથી જીવે છે. સુખે જીવે છે.

સમયનો સદુપયોગ ન કરનારા જ જીવનમાં પસ્તાય છે. પોતાની જાતે પોતાનો વિનાશ નોતરે છે. દુર્ભાગ્યને આમંત્રણ આપે છે. ભટકતાં ઘેટાં-બકરાં કે હડકાયાં કૂતરાં કે હરાયાં આખલાં, ડુક્કરાંને સમય પાલનની કોઇ જરૂર જ જણાતી નથી. ભસવું ચરી ખાવું, જ્યાં-ત્યાં લાવાં નાખવાં જ્યાંથી જે મળે તે ચરી ખાવું ને મરવું. આવાં પશુઓને સમયના સદુપયોગની કોઇ જ જરૂર જણાતી નથી. કેમ કે એમની ચેતના વિકસિત નથી. એવાં કદીય પ્રગતિ કરતાં નથી પણ અધોગતિ કરે છે.



ભારતમાં એક મોગલ બાદશાહ થઇ ગયો. નામ હતું તેનું અકબર. દૃષ્ટિવાન રાજા હતો. તેણે પોતાના દરબારમાં બુદ્ધિમાન નવ-રત્નો રાખેલાં. તેમાંનું એક રત્ન હતું બિરબલ. બિરબલ વિચક્ષણ બુદ્ધિવાળો હતો. રાજા અકબર પણ હંમેશાં તેની સલાહ લઇ કામ કરતો. તે રાજાને સચોટ ને યોગ્ય માર્ગદર્શન આપતો.

આ બિરબલનો એક પુત્ર હતો. દીકરો મૂઢ મતિનો હતો. બાપથી ઊલ્ટી દિશાએ ચાલે. કુંભકરણની જેમ સવારે મોડો ઊઠે. ઊઠીને ભટકે. રખડીને ઘેર આવે. આવીને ખાય. ને ખાઇને ઊંઘે. સમય આમ વ્યર્થ વેડફે. આવો ડોબર કોઇનો ઉપદેશ માને જ નહીં. બિરબલને ચિંતા થતી. દીકરો વ્યર્થ સમય વેડફે છે. જીવન બગાડશે. તેણે પુત્રને બોધપાઠ ભણાવવાનો નિશ્ચય કર્યો. તે એક ડોલ ને દોરડું લઇ કૂવા ઉપર ગયો. બિરબલ ડોલવડે કૂવામાંથી પાણી ખેંચવા લાગ્યો. એટલામાં રખડેલ ડોબર દીકરો ત્યાં આવ્યો. ને પિતાજીને જોવા લાગ્યો. પાણીની ભરેલી ડોલ ઉપર આવે એટલે બિરબલ તે નીચે ઢોળી દેતો. આમ તે વારંવાર કરતો એટલે દીકરાને આશ્ચર્ય થયું ને પૂછ્યું :

"પિતાજી આપ આમ કેમ કરો છો?"

"પાણી ભરું છું દીકરા."

"પણ ડોલનું પાણી તો તમે ઢોળી દો છો. પછી પાણી શી રીતે ભરાય? આનો શો અર્થ?"

"દીકરા. તું પણ આવાં જ કામ કરે છે. તું સમયને વ્યર્થ વેડફી દે છે. પછી તારું જીવન શી રીતે ભરાશે? તું કઇ રીતે સુખી થઇશ? જે બુદ્ધિપૂર્વક સમયનો સદુપયોગ કરે તે જ સુખી થાય છે, બેટા."

દીકરાને પોતાની ભૂલ સમજાઇ ગઇ. પછી તે સમયનો સદુપયોગ કરતાં શીખ્યો ને સુખી થયો.

નિષ્ઠાપૂર્વક સમયસર કર્તવ્યપાલન. વ્યર્થ ગપ–સપ–શોરબકોર કે ભટકવામાં સમય વેડફવો એ પણ બુદ્ધિહીનતા જ છે. બુદ્ધિમાન મનુષ્ય એક ક્ષણ પણ વ્યર્થ ન ખોવે. કોઇને કોઇ રચનાત્મક કાર્ય કરવામાં એકેએક ક્ષણનો સદુપયોગ કરે છે. તેઓ જ સુખી થઇ શકે છે. આળસુ ને એદી, મંદબુદ્ધિનાં ને બુદ્ધિહીન બે–પગાં–પૂંછડી વગરનાં સમયને વ્યર્થ વેડફનારાં હંમેશાં જીવનને દુઃખી કરે છે ને પોતાની જાતે જ પોતાનો વિનાશ નોતરે છે. તેઓ સમાજ અને દેશને હાનિ કરે છે.

ભગવાન બુદ્ધે પણ પોતાના શિષ્ય શોણને સમયનું મૂલ્ય સમજાવતાં સમયનો સદુપયોગ કરવાનું કહેલું :

"શોણ, સાધનામાં આળસ ન ચાલે. એકેએક ક્ષણનો સદુપયોગ કરી શ્રેયનો પુરુષાર્થ કરવો જોઇએ. તો જ પરમસિદ્ધિ લાભ થાય. શોણ,–આળસ એટલે જ અંધકાર, અજ્ઞાન. આ અજ્ઞાન અંધકાર જ જીવનને ખાઇ જાય છે. પરમ–જાગૃતિ–આત્મજાગૃતિ જ જીવન છે. માટે તું આળસ છોડી પ્રત્યેક ક્ષણનો સાધનામાં સદુપયોગ કર. ને જીવનને તેજસ્વી બનાવ."

ભટકી–ભસીને તો કૂતરાંય મરી જાય છે. પણ એ કદીય ઊર્ધ્વગતિ કરી શકતાં નથી કે જીવનનું કોઇ ઉમદા કાર્ય સિદ્ધ કરી શકતાં નથી.

જે સમયનો સદુપયોગ કરે છે. તે જ સાચા સુખ, સમૃદ્ધિ અને પરમશાન્તિનો અધિકારી બને છે. અંધકારનાં કાળાં વાદળો ચીરી પરમપ્રકાશથી જીવન ઝળહળતું બનાવે છે. અને અમૃત–વર્ષા વરસાવી શકે છે. □



# હિમાલયના પત્રો

સુરેશભાઇ શાહ–કેનેડા

## પત્ર–૩૦ : સાધન પરાયણતા

દેશભક્ત, દેશપ્રેમી, આધ્યાત્મિકતાના સુમેરુ શિખરોને સર કરવાની શ્રદ્ધા અને હિંમત ધરાવનાર પૂ. યોગેશ્વરજી નવે. ૧૯૪૪ માં ઋષિકેશથી પોતાના મિત્રસખા નારાયણને લખે છે કે, આ એ દેશ છે જ્યાં લાખોની સંખ્યામાં મહર્ષિઓ ને બ્રહ્મર્ષિઓ હતા, ને હજીય છે. અધ્યાત્મજ્ઞાનની પ્રાપ્તિને માટે સર્વસ્વનો ત્યાગ કરી સાંસારિક વૈભવ, ભોગ ને વિલાસથી અતીત એવું તદ્દન સાદું–સંયમી જીવન ગાળવામાં જ મનુષ્યો કૃતકૃત્ય હતાં. આ વસ્તુને ધ્યાનમાં રાખીએ તો આપણે માટે હંમેશ વિજય જ વિજય છે.

વિઠ્ઠલભાઇનો જીંદગીમાં પ્રથમપત્ર પૂ. શ્રીને મળે છે તેમનો ટૂંકો તથા સુંદરપત્ર સ્મરણમાં છે તથા વિઠ્ઠલભાઇનું જીજ્ઞાસુ, આત્મપ્રેમી હૃદય તેમાં મૂર્ત થાય છે એમ જણાવી પૂ. શ્રી પ્રતીતિ કરાવે છે કે અમરફળ કાંઇ વારંવાર ખાવાની જરૂર હોતી નથી. તે તો એક વાર ખાવાથી જ બસ થાય છે.

આધ્યાત્મિક માર્ગમાં સૌથી અગત્યની કોઇ વસ્તુ હોય તો ઈશ્વરશરણની છે. મનુષ્યને જીવનની અનેક સુંદર ક્ષણોએ પોતાનાથી કોઇ વિશિષ્ટ શક્તિની સત્તા વિશે પ્રતીતિ થાય છે. આ સત્તા પર પૂર્ણ શ્રદ્ધા રાખીને તેને માટે જ પ્રયાસ કરવો એ એક જીવનધર્મ છે. જે જે વસ્તુ જે જે વખતે જરૂરી લાગે તે તે વસ્તુ આ વિશિષ્ટ શક્તિ અથવા ઈશ્વરની પાસે જ માગી લેવી. જીવનમાં

ઘણીવાર માર્ગદર્શનની જરૂર હોય છે. આત્માનો પંથ પહેલેથી જ સ્વચ્છ નથી હોતો. તેમાં અનેક ભૂલભૂલામણી પણ હોય છે. પણ દૃઢ નિશ્ચયી ને શ્રદ્ધાળુ આત્મા કદી તેથી મૂંઝાતો કે ડરતો નથી. તે તો ઈશ્વરને પ્રાર્થના કરી છૂટે છે. ને ઈશ્વર તેને બુદ્ધિયોગ પ્રદાન કરીને તેનો માર્ગ અજવાળી આપે છે.

બીજી અગત્યની વસ્તુ સાધનપરાયણતાની છે. સાધનામાં સફળતા મળે કે ન મળે, સતત મંડયા રહેવું જોઈએ. પૂ. શ્રી દૃઢતાથી જણાવે છે કે આ એકનિષ્ઠ યોગની પ્રાપ્તિને સારુ માણસે સર્વપ્રકારની આસક્તિથી દૂર રહેવું જોઈએ. જેનું ચિત્ત સંસારના નાનાવિધ પદાર્થોમાંથી ઉપરામ થયું નથી, જે ઈન્દ્રિયોના ક્ષણિક સુખનો જ ગુલામ થઇને બેસી રહ્યો છે, સ્ત્રી, પુત્ર તથા મિત્રો અને સંબંધીઓના ગાઢ પ્રસંગો જેને લાગણીનાં એકથી એક ઊંચા શિખરો પર વારંવાર નાંખ્યા ને ઉથલાવ્યા કરે છે, એ માણસ અનાસક્તિ કેળવી શકે જ કેવી રીતે? જે દર્પણ સ્વચ્છ નથી તેમાં મુખનું પ્રતિબિંબ દેખાઇ શકશે ખરું કે? એટલે આધ્યાત્મિક વસ્તુનો પૂર્ણ રસ લેવા સારુ મનુષ્યે ઈન્દ્રિયોની ગુલામીમાંથી પર થઇ, સાંસારિક વિષયોની વચ્ચે સ્થિરતા જાળવીને ઈશ્વરપરાયણ થઇ રહેવાનું છે.

પોતાના બાળસખા નારાયણને ઉદ્દેશીને પૂ. શ્રી લખે છે કે, તું એટલે એક હાડમાંસનો બનેલો આકાર નહિ પણ તેની અંદરનો શુદ્ધપ્રેમ આત્મા છે. તારું કરુણાપ્રેમી હૃદય સ્મરણમાં છે. કેટલાક આત્માઓ જગત પર જન્મ્યા હોય છે તેમને જન્મતાં જ ઈશ્વરે પોતાના પ્રેમી તરીકે પસંદ કર્યા હોય છે. "તું તેમાંનો એક છે." કેટલું સરસ પૃથક્કરણ આજે પણ અધ્યાત્મના તંત્રી શ્રી નારાયણભાઇના એ પવિત્ર આત્માનાં દર્શન અધ્યાત્મના પાને પાને



અને પ્રભુના દરેક પ્રસંગે તેમના વક્તવ્યમાં આપણે જોઈએ છીએ.–અનુભવી શકીએ છીએ.

પત્રની સમાપ્તિમાં પૂ. શ્રી જણાવે છે કે ગીતાના સારને જો એક શબ્દમાં કહેવો હોય તો તે ત્યાગ કહી શકાય છે. ખરી રીતે 'ગીતા' એનું ઊલટું 'તાગી' "ત્યાગી" યા એવું જ છે. આ ત્યાગ અનેક પ્રકારનો છે. એક તો જીહ્‌વાનો સ્વાદ, વિષયનો સ્વાદ, કૃત્રિમ શરીરની સજાવટનો ત્યાગ, બીજો મનની અંદરનો ત્યાગ એટલે કે રાગદ્વેષ, કામક્રોધ, માનાપમાન, એવાં દ્વંદ્વોનો ત્યાગ, ત્રીજો ત્યાગ પ્રતિષ્ઠા, ધન, સ્ત્રી (વિષય) દુન્યવી તૃષ્ણા તેનો ત્યાગ.

ફક્ત બાવીસ વર્ષની યુવાવયે લખાયેલો પત્ર તેની ભાષા, ભાવ, જ્ઞાન અને વિચારધારાથી સાબિત કરે છે કે પૂ. શ્રીનો આત્મા અલૌકિક હતો, ઈશ્વર પ્રાપ્તિ માટેની લગની અનુપમ હતી અને તેમની પાસે પૂર્વજન્મનું અદ્‌ભુત ભાથું હતું. આવા સદ્‌ગુરુને પ્રાપ્ત કરવા માટે આપણે સૌ બડભાગી છીએ તેમ લખવામાં જરાપણ અતિશયોક્તિ નથી.

### પત્ર–૩૧ : આધ્યાત્મિક વિકાસ કરવા માટે

આ પત્ર સરોડા, પૂ. શ્રીની જન્મભૂમિથી લખાયો છે. પોતે પોતાના સખાને પત્ર નથી લખતા તેના સમર્થનમાં પૂ. શ્રી જણાવે છે કે પત્ર ના લખાય એટલે એમ નહિ માનવું કે તારા શરીર પર આ શરીરની દૃષ્ટિ નથી. ખૂબ પ્રેમ હોવા છતાં પત્ર નહીં લખવાનું કારણ પૂ. શ્રી જણાવે છે કે મનની ઉપરામતા છે. કેમકે કાંઇ લખવાની ઇચ્છા જ થતી નથી.

પૂ. શ્રી જણાવે છે કે આધ્યાત્મિક વિકાસ માટે વહેલા ઉઠવાનો નિયમ બનાવ્યો તે આનંદની વાત છે પણ નિયમો કરવાથી

કાંઇ વળતું નથી તેનું ધાર્યું પરિણામ પ્રાપ્ત કરવું હોય તો નિયમોનું ચુસ્તરીતે પાલન કરવું જોઇએ. નિયમ પ્રમાણે કરેલી સાધનાનું ફળ લાંબે વખતે જણાય છે. શરૂઆતમાં તો કાંઇ જ ફળ જણાતું નથી. ઘણીવાર કંટાળો પણ આવે છે. છતાં તેને છોડી દેવાં નહિ. નિયમોનું પાલન કરવા માટે નિશ્ચયબળની જ ખાસ જરૂર છે.

આધ્યાત્મિક વિકાસ માટે ઈશ્વર પ્રાર્થના, જપ, ગીતાવાચન ચાલુ રાખવું. પ્રાર્થનામાં ખૂબ બળ છે. વ્યાયામની ખૂબ જરૂર છે. અંતમાં પૂ. શ્રી જણાવે છે કે નારાયણનો વિકાસ જાણીને ખૂબ જ આનંદ થાય છે.

પૂ. શ્રી પણ ઘણા નિયમો પાળતા તેમાં નિયમિતતા, આંખે ઊડીને વળગે તેવો નિયમ હતો, નિયમિત બ્રાહ્મમુહૂર્તમાં ઊઠવું. જપ કરવા, વ્યાયામ કરવો, સ્નાનાદિથી પરવારી નિયમિત સવારે ચાર કલાક લેખન કરવું, મુલાકાતીઓને મળવું, પ્રવચન નિયમિત નિયત સમયમાં કરવું અને પ્રાર્થના કરવી. આજે આપણામાંના કેટલા નિયમો પાળી શકીએ છીએ? નિયમિતતા કેળવી શકીએ છીએ? પરિણામે જીવન આળસુ અને વધુ આરામપ્રિય બનતું જાય છે.

### પત્ર–૩૨ : વિલક્ષણ દશાની પ્રાપ્તિ

ઈશ્વર પ્રત્યે જ્યારે મનની એકાગ્રતા થાય છે ત્યારે લૌકિક જીવનનાં લક્ષણો વિલીન થઇ દેહને વિલક્ષણ દશાની પ્રાપ્તિ થાય છે. આવો જ અનુભવ પૂ. શ્રીને ડીસેમ્બર મહિનામાં ઇ. સ. ૧૯૪૩ માં થાય છે ત્યારની દશરથાચલ પર્વત પરની વિલક્ષણતાની વાત કરતાં પૂ. શ્રી જણાવે છે કે દેહાતીત અવસ્થાના એ દિવસોમાં એક જુદી જ વિલક્ષણ દશા પ્રાપ્ત થઇ હતી. તે વખતે આ શરીર પહાડની એક ચોટી પર સૂતેલું જેવું હતું. સૂર્યનાં તાજાં પ્રખર કિરણો તેના પર પડતાં હતાં. આખાયે શરીરમાં એક પ્રકારની અજબ સ્ફૂર્તિ હતી. સર્વ કાંઇ ઈશ્વર છે, વાસુદેવ છે, એ ભાવના અનુભવાતી હતી. એટલે તેનો આનંદ પણ ઓર હતો. એકાએક મન નિર્વિકારમાં મળવા માંડયું! ને આખરે બધીય શુધબુધ જતી રહી. પાંચેક મિનિટમાં જ આ સ્થિતિ પ્રાપ્ત થઇ. શરૂઆતમાં તો ખૂબ ભય જેવું લાગવા માંડયું. શરીરથી મન જ્યારે ઉપર ઊઠે છે ત્યારે શરૂઆતમાં આમ જ થાય છે, એમ લાગે છે જાણે કે પડી જવાતું હોય, ગબડી પડતું હોય. ત્રણ ચાર કલાક એ અવસ્થામાં વહી ગયા હશે. આ દશરથાચલ પરનો છેલ્લો દિવસ હતો. તેનો આનંદ પણ અજબ હતો. તે સાચે જ એક યાદગાર દિવસ બની ગયો. મૌન હજી પણ ચાલુ જ હતું. જીવનના યાદગાર દિવસોમાં ૯ જાન્યુઆરી ઋષિકેશમાં ૧૯૪૧ ના અનુભવનો દિવસ ને ૧ જાન્યુ. એમ બે દિવસો વિશેષ મહત્ત્વ ધરાવે છે.



અંતમાં પૂ. શ્રી જણાવે છે કે શરીરની સ્થિતિની અગત્ય કાંઇ વિશેષ નથી. મનની એકાગ્રતા જ મુખ્ય છે. એ અભ્યાસ કરતાં કરતાં પ્રકટે છે.

પ્રભુપ્રાપ્તિ માટેના પ્રામાણિક પ્રયત્નો દ્વારા પ્રાપ્ત થએલા સ્વાનુભવોનું વર્ણન વાંચી આનંદ થાય છે તો પ્રભુને પ્રાપ્ત કર્યાના પૂ. શ્રીના આનંદની કલ્પના આપણે કરી શકીએ ખરા! પૂ. મા જગદંબાનું સતત સાન્નિધ્ય પામી ચૂકેલા દેવપ્રયાગના એ દેવર્ષિ અને સરોડાનંદન યોગેશ્વરજીને પ્રણામ હો!

(ક્રમશઃ)

# શ્રી મોહનલાલ બેરિસ્ટરની જીવનકથા

જ્યોત્સ્ના ભરતકુમાર દ્વિવેદી

૧૪ વર્ષની કુમળી વયમાં આપણે મોહનભાઈનાં સાહસ, નિર્ભયતા અને દૃઢ નિશ્ચય જોયાં. તેમની કોઈ એક વસ્તુને પામવાની લગની હજી આજે પણ એવી જ છે. તેમાં તેમને વયનો બાધ નથી આવતો. પ્રભુને પામવાનું ખમીર તેવું જ છે. આજે પણ તે તેવા જ કૃતનિશ્ચયી છે.

મેં પ્રશ્ન કર્યો, મેટ્રિક કઈ સાલમાં પાસ થયા?

ઉત્તરમાં તેમણે કહ્યું. ૧૯૨૧ માં.

ત્યારબાદ ભાવનગર શામળદાસ કોલેજમાં દાખલ થયો અને ઇન્ટર સુધી ભણ્યો. પછી ગાંધીજીની ચળવળમાં જોડાયો. તેઓએ ઉમેર્યું કે સ્વેચ્છાએ વહોરેલી ગરીબી તો હજુ યથાવત્ જ હતી. હજુ તેમનાં માતુશ્રી તો ખૂબ જ પરિશ્રમ કરતાં હતાં. પુત્ર ભણે તેમાં તેમને ખૂબ રસ હતો. મોહનભાઈ પણ તેમાં જરૂર મદદરૂપ થતા. સાત વર્ષની નાની વયથી જ નાની રસોઈનું કાર્ય તો તેમણે માથે ઉપાડી લીધું હતું, પણ કોલેજના બે વર્ષના અભ્યાસ પછી એમના મન પર બીજા વિચારોએ કબજો લીધો. મન સતત પ્રશ્નો અને મૂંઝવણ અનુભવવા લાગ્યું. આ પ્રશ્નો તેમના સ્વભાવના કારણે ઊભા થતા રહેતા.

"તું કોના પૈસાથી ભણે છે? બા કેટલી તકલીફ ઉઠાવે છે? આ શું યોગ્ય છે?" આવા અનેક વિચારોએ એક વાવાઝોડું ઊભું કરી દીધું. તેમાં વળી ગાંધીજીનું સાહિત્ય હાથમાં આવી ગયું, તે



વાંચીને તેમણે ફરી પાછું રાંધેલું અનાજ ન ખાવું તેવું નક્કી કર્યું, કાચુ પલાળેલું ઉઘાડેલું ધાન ખાવા માંડયું.

ત્યારે ગાંધીજીની ચળવળ ખૂબ જોરમાં ચાલે. મન સતત પ્રશ્નો પૂછ્યા કરે. "આ ભણતરની દેશ ગુલામ હોય ત્યારે જરૂર ખરી?" ચાલો, હવે ભણેલા જ છીએ એવું કહીને ગાંધીજીની ચળવળમાં જોડાઈ ગયા. તેમાં ચાલતી પિકેટીંગની પ્રવૃત્તિમાં ખૂબ રસ લઈ કાર્ય કરવા લાગ્યા. તે વખતના આઝાદી પ્રેમી અનેક નવયુવાનોની જેમ મોહનભાઈ પણ ગાંધી–રંગે સંપૂર્ણ રંગાઈ ગયા.

ભાવનગરમાં તે સમયે નાનાભાઈ ભટ્ટ, હરભાઈ ત્રિવેદી વગેરે કોંગ્રેસ કાર્યકરો, તે તેમની પાસે આવ્યા. આ બુદ્ધિશાળી માણસોએ તેમના મનને જીતી લીધું. તેમને મોકલનાર શ્રી પ્રભાશંકર પટ્ટણી તે સમયના ભાવનગર રાજ્યના દિવાન હતા. તેમણે આ બંને દ્વારા ભણવા માટેનો ઉપદેશ મોકલેલો અને કહેવડાવેલું કે "તારી માના પરિશ્રમનો તો વિચાર કર."

આ સંદેશાથી તો પરિણામ ઉલટું આવ્યું. મોહનભાઈએ માતાના પરિશ્રમના પૈસાથી ન ભણવાનો નિશ્ચય કરી લીધો. હવે માના પરિશ્રમના પૈસાથી નથી ભણવું. હું હવે ભણીશ તો મારા પોતે કમાયેલા પેસાથી જ ભણીશ." વળી પાછું જીવન એક અનિશ્ચિતતાને આરે આવી ઉભું રહી ગયું. એમણે કોલેજનો અભ્યાસ છોડી દેવાનો નિશ્ચય કરી દીધો.

કોંગ્રેસના કાર્યકરોને તો આ જોઈતું જ હતું. તેઓ કોલેજ છોડી અસહકારની લડતમાં જોડાઈ ગયા. એના ઉડતા સમાચાર તેમનાં માતુશ્રી સુધી પહોંચ્યા. કોલેજ છોડતાં પહેલા માની રજા

ન લીધી. આથી માને ખૂબ દુઃખ થયું. માનું જીવન–ધન આ પુત્ર જ હતો. માએ મજૂરી અને પરિશ્રમ મૂકી મોહનભાઇની શોધ શરૂ કરી. તેઓ તો કોંગ્રેસના પ્રચારમાં લાગી ગયેલા. ગામડે ગામડે ફરે, સભાઓ ભરે અને ભાષણો કરે.

એકવાર શ્રી મણિભાઇ કોઠારીની દીકરી સાથે તેઓ એક ગામમાં પ્રચારમાં ગયેલા, ત્યાં તેમની સભા સામે બીજી એક ભાષણ સભા ચાલતી હતી. લોકો તેમની સભા છોડી સામેની સભામાં ભાષણ સાંભળવા ચાલ્યા જતા હતા. આ જોઇ તેમને આશ્ચર્ય થયું. અરે! આ સભા કોની? જોયું તો તેમનાં માતુશ્રી રૂખીબા બોલી રહ્યાં હતાં. તેમના શબ્દો "તમે જેની બીજી સભાનું ભાષણ સાંભળી રહ્યા છો તે મારો દીકરો છે. તે ઘરેથી ભાગીને આવ્યો છે. તેણે ભણવાનું છોડી દીધું છે. તે તમને શું શીખવાડ-વાનો હતો! શ્રી મોહનભાઇને પણ પોતાના આવા વર્તનથી માને થયેલા દુઃખનો ખ્યાલ આવ્યો, અને એમણે તેમની સભામાં સામે ચાલી જઇને પોતાની માને પ્રણામ કરી માફી માગી.

તેમનાં માતુશ્રી રૂખીબા તો એક વીરાંગના જ હતાં, પણ તેમની આ પદ્ધતિ પણ એક ધડો લેવા જેવી નથી લાગતી? પોતાના પુત્રે ભૂલ કરી પોતાને દુઃખી કરી છે તે વાત તેમણે જાહેરમાં જઇ કહી. એક અભણ સ્ત્રીની હિંમત કે પોતાના પુત્રની સભા પોતે જ તોડવાની! પુત્રને આજની માતાઓની જેમ છાવરવાની પ્રવૃત્તિનો આશરો ન લીધો. પણ તેની ભૂલ જાહેરમાં પ્રગટ કરી. પુત્ર પણ સદ્ગુણી જ કે માતાને થયેલા જાણે અજાણે દુઃખનો પશ્ચાત્તાપ કર્યો અને જાહેરમાં માફી માગી.

રૂખીબાનું ધાર્યું કાર્ય સફળ થયું, કારણ કે પરસ્પરના ટેકાથી



જીવન ચલાવતાં બંને એકબીજાને દુઃખી કરી શકતાં નહીં. તેથી જ રૂખીબા પુત્રને આ બધી પ્રવૃત્તિ છોડાવી પરાણે ઘરે લઇ ગયાં. પિતાનું છત્ર તો માથે ન હતું એટલે સગાવહાલાં તેમની રીતે સલાહ સૂચનો આપવા લાગ્યાં. સહુ સલાહ આપે પણ મોહનભાઇનામાં એક વૃત્તિ ખરી જ કે "જીવન મારું છે અને મારા જીવન વિષેના નિર્ણયો હું જ લઉં." તેમનાં માતુશ્રીની એક જ લગની કે દીકરા-ને ભણાવવો છે. મોહનભાઇનો એક નિશ્ચય કે મારી મા પાસે પૈસા નથી માટે મારે ભણવું નથી. પણ માતાએ અને સહુ સગાં-ઓએ દબાણથી ફરી કોલેજ કરાવવી એવું નક્કી કર્યું.

ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર, કનિષ્ઠ ચાકરીની વિચારસરણિ તે સમયે ક્ષણ ચાલતી. ખેડૂત જગતનો તાત. ખેડૂત સહુનો ઉદ્ધાર કરી શકે. મોહનભાઇને પણ જગતનો ઉદ્ધાર કરવાનો વિચાર આવવા લાગ્યો, અને એમણે ભણવું તો ખરું, પણ પૂનાની એગ્રીકલચર કોલેજમાં ભણવું તેવું નક્કી કર્યું. આથી ઘરેથી ફરી પાછા પૂના ભણવા ગયા. એ અભ્યાસ છ આઠ મહિના માંડ ચાલ્યો. ફરી પાછા માના વિચાર આવવા માંડયા. ફરી કમાવાની લગની લાગી. માને દુઃખ દઇ નથી ભણવું, એમ માની અભ્યાસને તિલાંજલિ આપી ભાગી જવું તેવું નક્કી કર્યું.

આ બધી ડામાડોળ પરિસ્થિતિમાં વચ્ચે લગ્ન પણ થઇ ગયેલાં. વય ત્યારે ૧૫–૧૬ વર્ષની જ હતી. પત્ની પણ ખૂબ નાની. પહેલાં તો લગ્ન નાની વયમાં થતાં. પત્ની પિતાને ત્યાં રહે, ઉંમર લાયક થતાં સાસરે આવે. પણ મોહનભાઇને તો સાંસારિક બંધન પણ બાધક ન હતું. તેમણે તો ફરી પાછા ભાગવાનો નિર્ણય દૃઢપણે કરી જ લીધો. મનમાં આ વિચારોનું તુમૂલ યુદ્ધ ચાલતું હતું તે દરમ્યાન તેમના હાથમાં એક પુસ્તક આવ્યું. "શાંતિ-

નિકેતન"વિષેનું. ત્યાં ઋષિમુનિના આશ્રમ જેવું વાતાવરણ હોય છે. ખુલ્લામાં ઝાડ નીચે જ વર્ગો ચાલે છે, આવી નવતર પ્રયોગ-વાળી શિક્ષણ સંસ્થાએ તેમનું મન જીતી લીધું. એથી રૂમ પાર્ટનરોને કહ્યું "મારો સામાન ધાંગધ્રા પહોંચાડજો, હું જાઉં છું." તેમ કહી ફરી આ નવયુવાન પાછા કસોટીની સરાણપર ચઢવા કલકત્તા ઉપડી ગયા! પાસે પૈસા તો હતા જ નહીં. ગાડી ભાડું પણ ન હતું. વગર ટિકિટે ત્યાં ગયા. ખાવાના પૈસા નહીં. અરે, ચા પીવાના પણ પૈસા નહીં. પહેરેલાં કપડાં સિવાય ખાસ બીજાં કપડાં પણ નહીં. છતાં હિંમતને સંગાથે લઇ એક નવા ક્ષેત્રનું ખેડાણ કરવા મોહનભાઇ નીકળી પડ્યા.

માતાને આ વાતની ખબર જ નહીં. પરણેલા પણ પત્નીને જણાવવાની પણ દરકાર નહીં. તે દિવસોમાં પત્નીની તેમને બહુ કિંમત નહીં એટલે પત્ની તો આવા કાર્યોમાં બાધક થાય નહીં અને તેમની વય પણ નાની એટલે બહુ વિશેષ સમજ પડે નહીં.

**કલકત્તામાં**

મોહનભાઇ કલકત્તાથી બોલેપુર ગયા. જ્યાં જુઓ ત્યાં ઈશ્વર છે જ. પરિવર્તન મોહનભાઇને કોઠે પડી ગયેલું. રવીન્દ્રનાથ ટાગોરની મુલાકાત લેવાની ઇચ્છા થઈ. પાસે પૈસા તો હતા જ નહીં. ઉતારામાં ત્રણ દિવસથી વધુ રહેવા ન દે. આવી અનેક વિટંબણા અને તેમાં પહેરેલાં વસ્ત્રો પણ ખૂબ ગંદાં અને મેલાં થઇ ગયેલાં.

કલકત્તાથી પૂછતાછ કરી શાન્તિનિકેતન પહોંચ્યા. શાંતિ-નિકેતનમાં તે સમયે પ્રિન્સીપાલપદે શ્રી ગાંગુલી સાહેબ હતા. શ્રી મોહનભાઇ તેમને મળ્યા, પણ ગુરુદેવ તો સાંજે જ મળે. ખૂબ



ખરાબ દીદાર સાથે મળવા જવાનું એટલે એક સંકોચ પણ ખરો જ. ત્યાંના નોકરને હું આવા ખરાબ દીદાર સાથે ગુરુદેવને મળવા જાઉં તે મંજૂર નહોતું. જોકે ગુરુદેવનો સખત કાયદો હતો કે તેમને મળવા આવનાર કોઇ પણ માણસને અટકાવવું નહીં.

આખરે ત્રીજા દિવસની સાંજે ગુરુદેવ મળ્યા. ગુરુદેવને પણ મોહનભાઇને જોઇ ભાવ જાગ્યો. તેમણે પ્રશ્નો પૂછ્યા. "ક્યાંથી આવ્યો છે? શું ભણવું છે?" માતાપિતા વિષે પણ પ્રશ્નો પૂછ્યા. મોહનભાઇએ સાચી વાત કરી દીધી. ગુરુદેવે પોતે તેમને ભણા-વશે તેવું વચન મોહનભાઇને આપ્યું. બાજુમાં બેઠેલા પ્રિન્સી-પાલને સૂચના આપી અને કહ્યું "જે ધોરણમાં હોય તેમાં બેસાડી દો. ખાવાપીવાની પણ વ્યવસ્થા કરી આપી."

પણ ભાગ્યના ખેલ કંઇ ન્યારા જ હોય છે. જો તે સુખ હાથવેંતમાં હોય તો તમારા ભાગ્યમાં હોય તો જ ભોગવાય છે. કોલેજ ફ્રી, ખાવાનું ફ્રી અને ગુરુદેવ જેવી વ્યક્તિએ ભણાવવાનું માથે લીધેલું, પણ તે પણ આ વ્યક્તિના ભાગ્યમાં નહિ. શ્રી કૃષ્ણાલાલ કરીને એક સાહિત્યકાર તે ત્યાં ભણવા આવેલા તેમની સાથે થોડી મિત્રતા થઇ, પણ તે પણ બહુ લાંબી ન ચાલી.

શાંતિનિકેતનમાં (Co–education) સહશિક્ષણ. અમીર ઘરની કન્યાઓ જ એ સમયમાં ભણવા આવે. થોડાં પ્રગતિશીલ માતાપિતા હોય તે જ પાછાં તે સમયમાં છોકરીઓને ભણાવે. ત્યાં ૬૦ ટકા જેટલી બહેનો અને માત્ર ૪૦ ટકા જ ભાઇઓ. બહેનો પણ ખૂબ બનીઠનીને આવે. "આપણે તો આમાં ફસી જવાય" તેવું તેમને લાગ્યું, કારણ આપણે ધ્યાન ન આપીએ તો પણ જાય જ. અને મોહનભાઇની વિચારસરણિ તો મૂળથી જ સ્ત્રી વિરોધી.

તેમને તો સ્ત્રી પુરુષની દુશ્મન જ લાગે. સ્ત્રી પુરુષને પતનને માર્ગે લઇ જાય. સ્ત્રીના સંસર્ગમાં આવવાથી પુરુષ નબળો પડે. પુરુષની પ્રગતિમાં સ્ત્રી રુકાવટ છે. આવા આવા અનેક ખોટા વિચારો તે સમયે તેમની વિચારસરણિમાં ચાલતા. એટલે એમને આ સહશિક્ષણવાળી શાળા પણ બહુ રુચતી નહીં. પણ ભણવાનું શરૂ કર્યું.

ત્યાં એક નેપાળી પ્રોફેસર તે પાલી ભાષા જાણે. તેમનું નામ ધર્માનંદ કૌસાંબી. તે મોહનભાઇના લેક્ચરર. તે તેમને ભણાવે. તેમના લેક્ચરનો તેમના પર ખૂબ પ્રભાવ પડયો. તે કોલેજથી છૂટી તેમને મળવા ગયા. તે પ્રોફેસર ચેસના તે જમાનામાં પણ શોખીન. એકલા જીવ. એકલા ચોકઠાં ગોઠવે અને એકલા જ રમે. કોણ રમે? તેમની સાથે મોહનભાઇ ત્યાં ગયા એટલે તેમને રમવા બેસાડયા. પૂછ્યું "અહીં ફાવે છે?" મોહનભાઇ અતિ સ્પષ્ટ વક્તા. આપણને અહીં બહેનો સાથે ન ફાવે. ધર્માનંદજીએ કહ્યું "આપણે આપણું કામ કરવું. આપણે બહેનો સામે શા માટે જોવું?" મોહનભાઇ તો અગ્નિ અને દારૂ સાથે ન રખાય તેમ દૃઢપણે માને, અને આ બધી ચર્ચામાં મોહનભાઇ શેતરંજની બાજી જીતી તેમના મિત્ર બની ગયા! એક મિત્ર તરીકે તેમણે જણાવી દીધું, "હું તો કાલે જવાનો. તેમણે ખૂબ સમજાવ્યા, આવી તક ક્યાં મળશે? તારે મફત ભણવાનું છે. આ ભણવાનો કેટલો ખર્ચ આવે? પણ મોહનભાઇને એક વિચાર મનમાં પકડાઇ જાય પછી એક પણ દલીલ અસર કરી શકે નહીં. અને છેવટે તેમણે શાંતિનિકેતન પણ છોડયું, રાતોરાત ત્યાંથી ભાગી નીકળ્યા! શાંતિનિકેતન જેવી શ્રીમંત સ્કૂલના વિદ્યાર્થી પાસે દોઢિયું પણ હતું નહીં.



### ફરી કલકત્તામાં

ત્યાંથી કલકત્તા ૪૫ કિ. મી. દૂર. તે ચાલીને કલકત્તા ગયા. ત્યાં નવું ચક્ર ચાલું થયું. ભાગ્યના આરા ક્યાં ક્યાં ફેરવે છે? પરમાત્માની કઠપૂતળી જેવા આપણે તેના દોરી સંચારથી કેવા કેવા નાચ નાચીએ છીએ? જાણે ઢાંક્યા કપાળની કોઇને ખબર જ નથી હોતી. ફરી પાછા અનિશ્ચિતતાના ચક્રમાં મોહનભાઇ ફરવા લાગ્યા.

કલકત્તા વિષે કંઇ જ માહિતી નહીં. કલકત્તા ક્યારેય જોયેલું નહીં. કલકત્તામાં ગુજરાતી વસ્તી કયા વિસ્તારમાં તે પણ ખબર નહીં. ત્યાં રસ્તે ચાલતાં એક સદાવ્રત જોયું. તેમાં ચણા ખાવા મળ્યા. ધીમે ધીમે એક મારવાડી મંદિર હતું ત્યાં ગયા. ત્યાં પણ સદાવ્રત ચાલે. આ સદાવ્રતમાં માલપુઆ વહેંચાતા હતા, તે ખાધા. ખાવાપીવાનું કોઇ સાધન નહીં, પાસે પૈસા નહીં. ત્યાં કપડાં ધોવાની વાત ક્યાં આવે! સાબુના પૈસા ક્યાંથી લાવવા? કપડાં તો ખૂબ ગંદા છતાં માત્ર પાણીમાં ખમીસ અને ધોતિયું વારાફરતી ધુએ, અને હુબલી નદીમાં નહાય. ત્યાં બંગાળી અને મારવાડી સ્ત્રીઓ દાન કરે અને તેઓ જે કંઇ ખાવા આપે તેટલું ખાઇ ચલાવે. પેટનો પ્રશ્ન તો ઉકલે, પણ રહેઠાણનું શું? ઉપર આભ, નીચે ધરતી. ન કોઇ ઓળખાણ ન પિછાણ. એટલે ભિખારીઓ પાસે સૂઇ રહેવું પડે. બ્રાહ્મણ ખોળિયું, ઇન્ટર સુધીનો અભ્યાસ. માતા, માતામહ અને પિતાના ઉચ્ચ સંસ્કાર પણ ગરીબાઇને કોઇ ગરવાઇ હોય છે ખરી! એમ બધું જ ભૂલી જઇ જીવન ટકાવવા ગમે તેવા માણસો સાથે રહેવું પડયું.

એક દિવસ સદાવ્રતમાં તેમણે ચણા ખાધેલા. ચણા ખાવાથી ખૂબ તરસ લાગેલી. ભીખારીઓ ખરા પણ કોઇ કોઇને પોતાની

વસ્તુ આપે જ નહીં. મોહનભાઇને ભય પણ લાગ્યો કે કોકનું પાણી પીઉં અને કોક મારે તો? નજીકમાં જ મ્યુનિસિપાલિટિનો પાઇપ જતો હતો. પાણી કાઢવા માટેનો તે પાઇપ હતો. ભગવાને તેમને બુદ્ધિ સૂઝાડી કે તે પાઇપમાંથી પાણી પી. તેઓ પાણી કાઢવા ગયા. પાણીના પાઇપને આપવું જોઇએ તેના કરતાં વધુ જોર અપાઇ ગયું! અને પાઇપમાંથી ધાર નીકળવાને બદલે બંબો છૂટયો. આજુબાજુ સૂતેલા ભીખારીઓ અને તેમનો સામાન સઘળું ભીંજાઇ ગયું. તે લોકો ખૂબ ગુસ્સે ભરાયા તેમને ખબર નહીં કે આ કામ કોણે કર્યું 'મારો મારો'ની બૂમો પાડવા લાગ્યા. મોહનભાઇ પણ તેમાં ભળી ગયા. પોતે પણ કહેવા લાગ્યા કોણ છે? કોણ છે? અને એ ધમાચકડીમાં ત્યાંથી નીકળી ગયા. આમ ત્રણ રાત સુધીનો ભીખારીઓ સાથેનો આવાસ પણ પૂરો થયો. ફરી નવો આશરો સૂવા માટેનો શોધવો જ રહ્યો.

### નોકરીની શોધ

શિક્ષણ ખરું હોંશિયારી ખરી પણ દીદાર ભીખારીથી જરાપણ સારા નહીં. નોકરીની શોધમાં તેમણે ફરી ફરવાનું ચાલુ કર્યું. મોટામાં મોટી પેઢીઓમાં ગયા, પણ કોઇએ નોકરી આપવાનું નામ ન લીધું. પેટમાં ફડકો તો હતો જ. છેવટે ઘરકામ કરવાના નિર્ણય પર આવ્યા. પણ ગુજરાતીઓને શોધવા શી રીતે! રસ્તે ચાલતાં ચાલતાં ગેલેરીઓ અને વસ્ત્રો સૂકાતાં જોતા જાય. સાડલા ગુજરાતી બહેનોના જુદી પ્રકારના હોય તે પરથી ગુજરાતી ઘર એક મળ્યું. કપડાં ધોવાની વાત કરી વાસણ ધોવાની પણ વાત કરી, અને એ લોકોએ ત્યાં સૂવાની પણ રજા આપી. મામુલી પગારથી ઘર નોકર થવાનું તેમણે સ્વીકાર્યું. આ કામથી કંટાળેલા તેમને જરા નીચે આંટો મારવાની ઇચ્છા થઇ. આથી તે ત્યાં નીચે ગયા. રસ્તામાં ઉકરડો આવે. પીળારંગનું એક ગંદુ કાગળિયું



જોયું. પરપ્રાંતમાં પોતાની ભાષા જોઇ એકદમ પ્રેમ ઉભરાઇ આવ્યો. તે કાગળિયું લીધું, સાફ કર્યું, અને વાંચ્યું તે એક ગુજરાતી સ્કૂલના મેળાવડાની આમંત્રણ પત્રિકા હતી. મેળાવડો બપોરે ચાર વાગે. પત્રિકા સવારે દસ વાગે મળી. એતો ત્યાંથી ગયા. સર-સામાન તો હતો જ નહીં. મૂડીમાં માત્ર પહેરેલાં બે કપડાંની જ જોડ. મારવાડીના મંદિરે ગયા. મારવાડણે માલપૂઆ આપ્યા. પાણી પીધું અને સ્કૂલ શોધતા શોધતા ત્યાં પહોંચ્યા.

### ગુજરાતી શાળામાં

ગુજરાતી એક જ સ્કૂલ અને ખૂબ ગીરદી. મોહનભાઇના તદ્દન ભિખારી સમા દિદાર, એટલે એમને અંદર જવા કોણ દે? છતાં ગીરદીને કાપતાં કાપતાં તે સ્ટેજ પાસે ગયા. ત્યાં તો કાર્યક્રમ ચાલુ થઇ ગયેલો. બાળાઓનું નૃત્ય ચાલે. આવા દિદાર અને આ ગીરદીમાં ક્યાં પત્તો ખાય? છતાં હિંમતબાજ મોહનભાઇ આના હેડમાસ્તર કોણ છે, કોણ છે, કરતા કરતા સ્ટેજ નજીક પહોંચી ગયા! કોઇક સહાનુભૂતિવાળા પાત્રે હેડમાસ્તર બતાવ્યા. ચશ્મા-વાળા ખાદીની ટોપીવાળા હેડમાસ્તર હતા. ત્યાં સુધી પહોંચવું ખૂબ મુશ્કેલ હતું. સહુના ધક્કા ખાતા ખાતા ત્યાં પહોંચ્યા. હેડમાસ્તર સાલસ હૃદયના. મોહનભાઇના ખૂબ ખરાબ દિદાર છતાં તેમણે વાત સાંભળી.

હેડમાસ્તરે બાજુમાં લઇ જઇ પૂછ્યું, "તારે શું જોઇએ છે?" મોહનભાઇએ જણાવ્યું કે હું યોગાસનો જાણું છું મારે અહીં સ્ટેજ પરથી આસન બતાવવાં છે. મને સ્ટેજપરથી તે બતા-વવાની રજા આપશો? ભગવાન તેના હૃદયમાં વસ્યો અને તે પણ થોડો આસનોનો રસિયો જીવ. તેણે હા પાડી દીધી. સ્ટેજના પ્રોગ્રામો વચ્ચે આવી એક નવતર એન્ટ્રી મૂકવી તે કેટલું અઘરું

કામ! પણ પરમાત્મા કરે ત્યાં સઘળું સરળ થઇ જાય. ધોતિયા કરતાં મોહનભાઇનું ખમીસ સહેજ સારું એટલે તેમણે ખમીસની લંગોટી કરી બાળાઓના નૃત્ય પછી સ્ટેજ પર એન્ટ્રી કરી આસનો બતાવવાં શરૂ કર્યાં. હેડમાસ્તરની રજાથી મળેલી એન્ટ્રીનો લાભ લઇ મયૂરાસન બરાબર મોરની જેમ જ કર્યું, અને પ્રેક્ષકોનાં મન જીતી લીધાં ત્યારબાદ શીર્ષાસન કર્યું માથા પર જ સ્ટેજ પર ફરતાં ફરતાં કર્યું. પદ્માસન વૃક્ષાસન ઉત્કટાસન વગેરે મળેલી સમય મર્યાદામાં કરી બતાવ્યાં અને સહુનાં મન જીતી લીધાં. સૌને તે ગમ્યાં.

શ્રી ગગન વિહારી મહેતા તે સંસ્થાના પ્રમુખ. તે પણ ખૂબ ખુશ થયા. મોહનભાઇ સ્ટેજ પરથી ઉતરી તેમને પગે લાગ્યા. અને તેમણે તેમને પ્રોગ્રામ પતે પછી ઓફિસમાં બોલાવ્યા. શ્રી ગગન વિહારી મહેતાએ તેમને ઠપકો આપ્યો, "આવું સરસ અંગ્રેજી બોલો છો, ભણેલા છો, તો જીવન કેમ આવું છે?"

મોહનભાઇએ કહ્યું મારી ગરીબાઇએ મારી આ દશા કરી છે. "તમારો અભ્યાસ ક્યાં સુધીનો છે?" ઇન્ટર સુધીનો. "આ આસનો ક્યાં શીખ્યા?" "સ્વામીરાવ પાસે ભાવનગરમાં શીખ્યો." તમારી પાસે કોઇ સર્ટીફિકેટ છે ખરું?" મોહનભાઇએ ના પાડી. પણ સચ્ચાઇના રણકારથી અપાયેલા પ્રત્યુત્તરોને કોઇ વધુ ખાત્રીની જરૂર ન હતી અને તેમના ઇન્ટર સુધીના ભણતરની શ્રી ગગન વિહારી મહેતાને ખાત્રી થઇ ગઇ. તેમને ૩૫ રૂા. ના પગારે પી. ટી. ટીચર તરીકે નોકરી મળી ગઇ. અને એક બીજા શિક્ષક સાથે શ્રી ગગન વિહારી મહેતાએ રહેઠાણની પણ જોગવાઇ કરી આપી. સુંદર આસનો બતાવવા માટે ૧૦ રૂા. શ્રી ગગન વિહારી મહેતાએ અને ૧૦ રૂા. પ્રિન્સીપાલે ભેટ આપ્યા.



ભાગ્ય જાણે પાછું ફર્યું અને તદ્દન નિર્ધન મોહનભાઇ ૨૦ રૂા. થી ધનિક બની ગયા! ૧૯૨૪–૨૫ ની સાલમાં ૨૦ રૂા. નાની રકમ ન ગણાતી. આ ૨૦ રૂા. ની મૂડી લઇ એક શિક્ષક સાથે રહેવાની સગવડતા અને નોકરીની ભેટ લઇ એક મેળાવડામાંથી મોહનભાઇ ઘરે ગયા જાણે સૂતેલું ભાગ્ય પડખું ફેરવીને જાગ્યું. પ્રભુ કરે ત્યાં શું ન થાય!

### કલકત્તામાં ગૃહસ્થજીવનનો પ્રારંભ

બે ત્રણ માસ વીતી ગયા. ઘરે માતુશ્રીને તો આ બધી કોઇ જ વાતની ખબર નહીં. છતાં તપાસ કરતાં ખબર પડી કે મોહનભાઇ કલકત્તા છે. તેમણે ધાંગધ્રાના કોઇ ઝવેરી કલકત્તામાં રહે તેને પત્ર લખ્યો. મોહનભાઇ તેનું નામ ખરું, પણ સરનામું નહીં. આવડા મોટા કલકત્તામાં તે ક્યાં મળે? પણ ત્યારે માણસો આજના જેટલા સ્વકેન્દ્રિત નહીં. તે શ્રીમંત વેપારીએ પણ મોહનભાઇને આખરે શોધી કાઢ્યા. તે સવારે પોતાની રૂમમાં રસોઇનું કાર્ય કરતા હતા ત્યારે વેપારીના માણસે આવી સીધો ઠપકો આપવાનું જ શરૂ કર્યું. અને મોહનભાઇને માતા અને પત્ની તરફની ફરજનું ભાન કરાવ્યું. આ બધા ગાળામાં બે મહિના નીકળી ગયા. મોહનભાઇ સ્થિર થયા. ઘરેથી માતા, પત્ની અને ભાઇને બોલાવ્યા. આમ આ અનિશ્ચિત જિંદગી કલકત્તાને આંગણે સ્થિર થઇ, અને એમના ગૃહસ્થ જીવનની શરૂઆત કલકત્તામાં થઇ.

બાને એવો ભય કે પત્ની મોહનભાઇને જીતી લેશે એટલે બા પણ સાથે જ આવ્યાં. વિધવા માના પુત્ર તરીકે સ્હેજે મોહનભાઇની માતા તરફની લાગણી અતિ ઉત્કટ અને માની સેવા કરવી એવી દિલની તમન્ના પણ ખરી. માતા અને પત્નીની

તુલનામાં પત્ની તરફનું મોહનભાઇનું પલ્લું ના જ નમે. આખરે એક વાર એવો પણ એમણે હુકમ આપ્યો કે "જ્યાં સુધી મારી મા તારાં હસતે મુખે વખાણ નહીં કરે ત્યાં સુધી આપણો કોઇ સાંસારિક સંબંધ નહીં." પત્નીને આઘાત લાગ્યો, તેણે દલીલ કરી કે "મારી કોઇ સ્વતંત્રતા જ નહીં?" પણ મોહનભાઇ સ્વભાવે હિટલર જેવા. એમના પર આની કંઇ અસર થઇ નહીં. (ખેર! એ જમાનાની બ્હેનોએ એ ચલાવી લીધું. આજે કદાચ તેનું વિપરિત પરિણામ જરૂર આવે). પણ એ પતિવ્રતા નારીએ પોતાના પતિને ખુશ કરવા એ દિશામાં પણ પ્રયત્નો શરૂ કર્યા.

ત્રણચાર માસ આ સાંસારિક ઘર્ષણમાં પૂરા થયા. પત્નીનો પણ સ્વભાવ બદલાઇ ગયો, માતુશ્રી સ્વભાવે દુર્વાસા જેવાં ક્રોધી હતાં, પણ તેમને સંતોષ થયો કે મારો દીકરો મારો જ છે, પરણ્યા પછી પત્નીનો નથી થઇ ગયો.

મોહનભાઇ શાળામાં પી. ટી. શિક્ષક. છોકરા છોકરીઓનું સૌષ્ઠવ કેળવાય તે માટે સતત પ્રયત્નશીલ રહે. શાળામાં જણાવ્યું કે કસરતનાં સાધનો પાછળ ખર્ચ થશે. સારી જગ્યા જોઇશે. તેઓ લાઠી, લેઝિમ, ભારતીય સંગીત બધું જ જાણે. હુમલો કરનાર હુમલો કરે તો તેનો સામનો કેમ કરવો, તે પણ જાણે. નિશાળ-વાળાએ સાધનો અપાવ્યાં, અખાડો કરી આપ્યો. અખાડો પણ સરસ રીતે ચાલ્યો. આવક ઓછી. ખોરાક રહેણીકરણી ખૂબ સાદી, પગાર ૩૫ રૂ., ૨૦ રૂ. ઘરભાડું, ૧૫ રૂ. માં ચલાવવાનું ખૂબ અઘરું પડે. સાચા માનવીના જીવનમાં કંઇ ને કંઇ રસ્તો પરમાત્મા કાઢે જ. એકવાર એક જાહેર કાર્યક્રમમાં ઊંચો કૂદકો મારવાનો હતો. તેમાં તેઓએ સાત ફૂટ ઊંચો જમ્પ માર્યો.



પરિણામે તેમને ગોલ્ડ મેડલ મળ્યો, સાથે એક બેંક મેનેજર જે હાજર હતા, તેમણે રૂ. ૫૧ ઇનામ આપ્યું.

### ભાગ્ય ઉઘડયું

મોહનભાઇની આસનોના નિષ્ણાત અને કસરતબાજ તરીકે-ની ખ્યાતિ કલકત્તાના ગુજરાતીઓમાં ધીમે ધીમે ફેલાવા લાગી. કલકત્તાના પ્રખ્યાત ઝવેરી ઠાકોરલાલ હીરાલાલ ઝવેરીને કાને પણ આ વાત પહોંચી. તેઓ મોહનભાઇને અખાડા પર મળવા આવ્યા. વાતચીત કરી. મોહનભાઇ તેમને વિવેકી લાગ્યા. તેમણે વેપારીને સલાહ આપી કે શરીર સુધારો, શરીર નહીં સુધારો તો હાર્ટફેઇલ થઇ જશે. કસરત કરો, તેમણે કહ્યું, "હું બધું જરૂર કરું, પણ હું ભવાનીપુર રહું છું તમે મને ત્યાં શીખવવા આવશો?" મોહનભાઇ ત્યાં જવા સમ્મત થયા. તેમણે વેપારીનું દર્દ મટાડવાની ખાતરી આપી. તે વેપારી ૧ કલાકના ૧૫૦ રૂ. આપવા સમ્મત થયા, અને તેમને જવા આવવાની તકલીફ ન પડે તે માટે ગાડી પણ લેવા મૂકવા મોકલવાની વ્યવસ્થા કરી. આમ પ્રભુની કૃપા શું ન કરે? તેમનો આર્થિક પ્રશ્ન ઉકેલાતો ગયો.

ઠાકોરલાલ ઝવેરીના નાનાભાઇનાં પત્ની ખૂબ મેદસ્વી અને બેડોળ. તેમને પણ મોહનભાઇએ શરીર સુધારવાની સલાહ આપી અને તેમને પણ તેમના હાથ નીચે તાલિમ માટે મૂક્યાં. એટલે બીજા કલાકના પણ ૧૫૦ રૂ. મળવા માંડયાં. આમ ૩૫ રૂ. માંથી ૩૦૦ રૂ.ની આવક આ પી. ટી. ટીચરને થઇ ગઇ! ગરીબી પ્રભુએ દૂર કરી. શેઠની લાગવગથી બીજાં પણ ટયુશનો મળ્યાં અને માસિક ૫૦૦-૭૦૦ રૂ. ની આવક શરૂ થઇ ગઇ. માણસને ભગવાન ક્યાંથી ક્યાં લઇ જાય છે તે પાર પામી શકાતું નથી.

ફરી સંજોગો બદલાયા. માતા પત્ની પણ આર્થિક સંકડામણ દૂર થતાં ટાઢકથી જીવવા લાગ્યાં. એવામાં એમનાં પત્ની ગર્ભવતી બન્યાં અને મોહનભાઇના માતુશ્રી એમને ત્યાં અજાણ્યા મુલકમાંથી લઇ ધાંગધ્રા પાછાં આવ્યાં. મોહનભાઇ ફરી એકલા પડયા. એમને એકભાઇ યોગવિદ્યાના ખૂબ જાણકાર મળ્યા. તેણે તેમને નેતી, ધોતી બસ્તી વગેરે શીખવવાનું વચન આપ્યું. તે માટે સાત્ત્વિક ખોરાક અને સંયમી જીવનનો આગ્રહ રાખ્યો. છેવટે યોગનો અભ્યાસ હોવાથી અને ધીરજ હોવાથી આ બધી ક્રિયાઓ પણ મોહનભાઇને સાધ્ય થઇ ગઇ. આમ બધું ગાડું સરસ રીતે ચાલતું હતું પણ મોહનભાઇને જીવનમાં કંઇક ખૂટતું હોય તેવું લાગતું હતું.

પરિવર્તન એ મોહનભાઇનો સહજ સ્વભાવ. અસ્થિરતા કોઠે પડી ગયેલી. ઉપાડા કરવાની આદત ખરી જ. હવે આ શારીરિક શિક્ષણના જ્ઞાનથી અને શીખવવાની પ્રવૃત્તિથી મન એક ઉપરામતા અનુભવવા લાગ્યું. જીવનમાં જ્ઞાન મેળવવાની તાલાવેલી લાગી. એવામાં એક પુસ્તક હાથ લાગ્યું. તેમાં એવી વાત હતી કે એક છોકરો નવ વર્ષની નાની ઉંમરે ઘરમાંથી ભાગી ગયેલો. પરિસ્થિતિઓ અને સંયોગો સામે લડતાં લડતાં તે મોટો ડોક્ટર બની ગયો! મોહનભાઇને તેનાથી માનસિક પુષ્ટિ મળી અને તેમને બેરીસ્ટર થવાની ઇચ્છા જાગી. તે માટે ભાગીને વિલાયત જવું પડે. તેથી મન તે દિશામાં જ વિચારવા લાગ્યું અને તેનો અમલ સત્વરે કેમ કરવો તેના પ્રયત્ન શરૂ કર્યાં.

(ક્રમશઃ)



# રામકથા

( ગતાંકથી ચાલુ ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

એ કલ્પનાથી એનો પ્રાણ પુલકિત બની ગયો.

એનું પ્રત્યેક પરમાણું પ્રસન્નતાથી ભરાઇ ગયું.

'મિલનની કલ્પના પણ કેટલી બધી આનંદદાયક અને શાંતિપ્રદાયક છે?' એ બોલી ઊઠી : 'એવી કલ્પના, આશા અથવા સંભાવનાને લીધે જ જીવન નભે છે, જીવવા જેવું લાગે છે, ને બળવાન બને છે.'

એણે ફૂલવાડીના પેલા વિશાળ વૃક્ષ પર દૃષ્ટિપાત કર્યો. લક્ષ્મણ એ વૃક્ષની નીચે જ ઊભેલા ને?

એ કેટલા આકર્ષક લાગતા'તા?

કોણ જાણે કેટલાં ય પુણ્યોને પરિણામે એની પ્રાપ્તિ થઇ, પોતે એની અર્ધાંગિની થઇ, અને રામ તથા સીતા સાથે વનમાં જવાની અનુમતિ પણ એણે પોતે જ આપી! વિધિની વિચિત્રતા તો જુઓ.

કોઇયે કોડભરેલી સ્ત્રી એવી અનુમતિ આપી શકે?

છતાં પણ એનો અફસોસ નથી. ના, જરા પણ નહિ.

ઊલટું, એનો આનંદ છે. અંતરમાં એને લીધે એક પ્રકારની કૃતાર્થતાનો ભાવ પેદા થયો છે.

અને હવે તો.... વિયોગનો વખત જેટલો વીતી ગયો તેટલો

થોડો જ છે? રામ, સીતા અને લક્ષ્મણને વનમાં ગયે વરસો વીતી ગયાં અને હવે તો થોડો જ સમય શેષ રહ્યો છે. હા, થોડો જ. ઊર્મિલાએ વિચારમાં લીન બનીને મંદિરમાં માતાની મૂર્તિને પ્રણામ કર્યા. પ્રણામ કરીને અનુરાગથી અંજાયેલી આંખે માતા તરફ એકીટસે જોતાં એણે પ્રાર્થના કરી.

'તેં જેનો મેળાપ કરાવ્યો તેનો મેળાપ પાછો કરાવી દેજે, મા! તેનો વિયોગ યોગમાં ફેરવી દેજે. અને જ્યાં સુધી એનો યોગ ના થાય ત્યાં સુધી શાંતિથી સહન કરવાની શક્તિ દેજે.'

માતાએ જાણે કે એની માગણી મંજૂર રાખી.

એના મુખ પર સ્મિત ફરી વળ્યું.

એણે આશીર્વાદના સ્વરમાં જાણે કે કહેવા માંડયું : 'ઊર્મિલા! મારું વચન મિથ્યા નહિ જાય. મેં તને લક્ષ્મણનો મેળાપ કરાવેલો તેમ ફરી મેળાપ કરાવીશ. તારું સૌભાગ્ય અખંડ રહેશે. વિયોગનો અંત વખત હવે થોડો જ છે. તારો ત્યાગ અમર છે, ઊર્મિલા! બીજી સ્ત્રીઓ અને પુરુષોને માટે એ માર્ગદર્શક થશે. સંસાર રહેશે. ત્યાં લગી એ અમર રહેશે અને અનેકને પ્રકાશ પ્રદાન કરશે. મારા આશીર્વાદથી લક્ષ્મણના વિયોગમાં પણ તું સુખી છે અને સુખી જ રહીશ. હજુ યે વધારે સુખી થઇશ.'

ઊર્મિલાને આનંદ થયો.

એની તંદ્રા તૂટી ગઇ.

હરખાતા હૈયે એ રાજપ્રાસાદમાં પાછી આવી.

મિથિલામાં રહી ત્યાં સુધી રોજ એણે ફૂલવાડીની મુલાકાત લીધી ને માતાના મંદિરમાં પૂજા કરી. ( ક્રમશઃ )

# * કેરીનો સ્વાદ *

જંગલના આશ્રમમાં બે સાધુ પુરષ જમવા બેઠા હતા. તેમની સામે બે કેરી પડી હતી.

મોટા સાધુને થયું, હું લીલી કેરી લઇ લઉં. કેમકે બીજી પીળી કેરી વધારે પાકી છે. તે મીઠી હશે. મીઠી કેરી ભલે નાનો સાધુ ખાય.

ને તેણે લીલી કેરી લઇ લીધી.

નાના સાધુને થયું, બહુ સારું થયું. મારે ભાગે મીઠી કેરી આવી. હું તો નાનો છું. એટલે મને સારી વસ્તુ જ મળવી જોઇએ. મોટા સાધુએ આજ સુધી કેટલીય કેરી ખાધી છે. એને ક્યાં કેરીની નવાઇ છે!

બંને સાધુ કેરી ચૂસવા માંડ્યા. નાના સાધુએ કહ્યું,

'અરે, મારી કેરી તો ખાટી છે, ખૂબ ખાટી છે!'

મોટાએ કહ્યું, 'અરેરે, બહુ ખરાબ થયું. પણ પ્રભુની જેવી મરજી. મારી કેરી અમૃત જેવી મીઠી છે!'

કેરીના એ અજબ સ્વાદનું કારણ કોઇની સમજમાં આવ્યું નહિ.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

# * પ્રેમને લીધે ઈશ્વર દર્શન આપે *

જેમ દૂધમાં ઘી છે પણ તેને જમાવીને મંથન કરવાથી જ તે મળી શકે છે, કાષ્ઠમાં અગ્નિ પણ છે, પરંતુ ઘર્ષણથી તે જાગ્રત થઈને સાકાર બને છે તેમ ઈશ્વર સર્વત્ર વ્યાપક થઈને રહેલા છે છતાં જ્યારે ભક્ત તેમના દર્શન માટે વ્યાકુળ બને છે ત્યારે પ્રેમને લીધે તે પણ પ્રકટ થાય છે, સાકાર બને છે, ને પ્રેમી ભક્તને દર્શન આપે છે. એ વાત સંપૂર્ણ સાચી છે. ભૂતકાળમાં નારદ ને વાલ્મીકિ, ધ્રુવ ને પ્રહ્લાદ તથા તુકારામ, તુલસી ને નરસિંહ જેવા અનેક ભક્તોએ ઈશ્વરનાં દર્શન કર્યાં છે ને તેવી રીતે તેમને પગલે ચાલવાથી આજે પણ કોઈ પણ ઈશ્વરદર્શન કરીને ધન્ય બની શકે છે. તેને માટે જરૂરી શ્રદ્ધા, પ્રેમ ને પુરુષાર્થ જોઈએ. એ નથી હોતાં અથવા તો ઓછી માત્રામાં હોય છે તેથી તેમના પર ઈશ્વરની કૃપા થઈ શકતી નથી. મોટા ભાગના માણસો તો ઈશ્વર ને ઈશ્વરના દર્શનમાં માનતા જ નથી : જે માને છે તેમાંના બહુ જ થોડા માણસો તે માટે મન મૂકીને પુરુષાર્થ કરે છે : તેમાંથી પણ બહુ જ થોડા પ્રલોભનો ને વિઘ્નોનો સફળતાથી સામનો કરીને છેવટ સુધી પોતાના પુરુષાર્થને વળગી રહે છે. એટલે જે ભક્ત કે સાધક અને ઈશ્વરપરાયણ હોય છે તેમાંથી પણ ભાગ્યે જ કોઈક ધન્ય પુરુષને ઈશ્વરદર્શનનું સદ્ભાગ્ય સાંપડી શકે છે. પણ તેથી કાંઈ ઈશ્વર ને તેના દર્શનનો ઈનકાર થોડો જ કરી શકાશે?

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ–શ્રીનારાયણ હ. જાની, પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર,
ભાવનગર–૩૬૪૦૦૧. ફોન : ૨૫૮૧૧